हृदय-प्रदीप षट् त्रिशिका

THE LIGHT OF THE SOUL



EDITED BY:-

MUNISHRI MRIGENDRA VIJAYJI MAHARAJ

ENGLISH VERSION : NILESHWARI KOTHARI

हृदय - प्रदीप षट्त्रिंशिका
The Light of the Soul

Spiritual Summary in Gujarati
By
Munishri Mrigendra Vijay Maharaj



Poetic Presentation With Commentary
In English
By

NILESHWARI KOTHARI

हृदय - प्रदीप षट्त्रिंशिका

The Light of the Soul.

પ્રકાશક / પ્રાપ્તિસ્થાન

જૈન યોગ ફાઉન્ડેશન

C/o. નટવરલાલ હઠીસીંગ ઝવેરી

જિતેન્દ્ર હર્ષદકુમાર એન્ડ કુંપની

૬૮૫ ગોવિંદ ચોક, મુલજી જેઠા મારકેટ

મુંબઈ - ૪૦૦ ૦૦૨.

ફોન : ૨૦૮ ૪૫૪૭ / ૨૦૯ ૬૦૦૭

Fax : 91-022-209 6258

પ્રથમ આવૃત્તિ જુલાઈ ૨૦૦૦

First Edition July 2000

કોપી - ૩૦૦૦

મૂલ્ય રૂા. ૫૦.૦૦

મુદ્રક : અરવિંદ પ્રિન્ટર્સ

૧૦૮, સીએમ ઈન્ડસ્ટ્રીલ એસ્ટેટ,

રામચન્દ્રલેન

કાંચપાડા, મલાડ (વેસ્ટ),

મુંબઈ - ૪૦૦ ૦૬૪.

ફોન - ૮૮૯ ૩૭૧૮

ફેક્સ - ૮૮૦ ૮૩૪૫

સમર્પણ

મારા પરમ ઉપકારી,

સ્વાધ્યાય પ્રેમી,

પૂજ્ય ગુરૂદેવશ્રી,

ગચ્છાધિપતિ,

આચાર્ય દેવ શ્રી

ચિદાનંદ સૂરીશ્વરજી મહારાજના

કર - કમલોમાં

આ ગ્રંથ - પુષ્પ સમર્પિત કરૂં છું

આપનો

શિષ્ય - શિશુ

મુનિ મૃગેન્દ્ર.

ગ્રંથ - પ્રાપ્તિસ્થાન

મેસર્સ મોતીલાલ બનારસીદાસ
મહા લક્ષ્મી મંદિર લેન, ૮, મહાલક્ષ્મી ચેમ્બર્સ,
૨૨, ભુલાભાઈ દેસાઈ રોડ, મુંબઈ - ૪૦૦ ૦૨૬.
ફોન - ૪૯૨ ૩૫૨૬

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.

પ્રાણલાલ જમનાદાસ શાહ
બી / ૯ ગરીબદાસ -કો. સોસાયટી
નોર્થ-સાઉથ રોડ નં.૫,
ગુલમોહર ક્રોસ રોડ નં. ૪,
જે.વી.પી.ડી. સ્કીમ,
જુહુસ્કીમ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૪૯.
ફોન - ૬૨૦ ૦૯૦૦

Jitendra B. Shah (President)
Jain Center of Northern California
1529. Via Cancion
San Jose. CA 95128 - U.S.A.
Tel.: (408) 729 - 7916
Fax : (408) 528 - 3536

PREFACE

"Hridaya-Pradipa-Shattrinshika" is a well-known poem of thirty-six Sanskrit stanzas emphasising the transient nature of this world and the glory of self-realisation. These stanzas, composed in a simple but lucid sanskrit, stir up our heart with its depth of meaning, directness and musical flavour. To illustrate, read the stanza 29 :

मनोलयान्नास्ति परो हि योगो
ज्ञानं तु तत्वार्थविचारणाच्च ।
समाधिसौख्यान्न परं च सौख्यं
संसारसारं त्रयमेतदेव ॥

Pujya Muni Shri Mrigendra Vijayji has explained the original Sanskrit text in Gujarati language. His comments reveal his scholarship as well as his dedication to the soul-seeking path. His words will serve as a guiding star, helping the seekers of soul to find the right direction in this stormy ocean of worldly existence. For this Dharma-Jnana-Labha, we all are deeply grateful to pujya Muni Shri Mrigendra Vijayji.

Ms. Nileshwari Kothari has also given the English and select glossary of English words with corresponding terms in Sanskrit.

Ms. Nileshwari has drunk deep the original sanskrit stanzas; hence she is able to bring the original sound and

sense in her soul-stirring translation. Each original stanza is presented in eight lines, flowing smoothly with beats of rhymes. With her poetic touch, the original essence takes up the elegant and enchanting garb, wafting the illuminating fragrance. She repeats to emphasise, to wake you up; cf.

"Endeavour, endeavour, endeavour, O man !" Mark the alliterating reasonace of her lines :

"A hermit who holds in his heart hidingly
A hope of riches, which are wordly unholy,
A man in the mask of a mendicant who
Desires sensual pleasures all through,
One who possesses all symbols of sainthood.
But favours the flavours of forbidden food
Is indeed a picture of great irony,
His monkhood is worlds' mosy mindless mockery"
(St.19) In a simple effortless manner,
she reaches our heart of.
"Not wealth, but the thirst for wealth is really
The cause of all the human misery,
Shun the thrist, this excessive greed,
And find yourself from all miseries freed."
(st.9, lines 5-8) Her comments are
brief and brilliant; her glossary guides
our understanding of the original text.

Ms. Nileshwari has not translated literally, she has trans-created-weaving a poem with illuminating threads of soul's wisdom.

Ms. Nileshwari Kothari deserves our hearty thanks for making this important Jain-text available to English knowing readers both in India and abroad.

12 April, 2000

Suresh A. Upadhyaya
Director
Post-Graduate & Research Dept.
Bharatiya Vidya Bhavan
Mumbai - 400 007.

સંવેદનનું નિવેદન

- પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજય મહારાજ (ન્યાયતીર્થ)

આ ગ્રંથના ૩૬ શ્લોકો એટલે અજ્ઞાનનો અંધકાર ઉલેચીને હૃદય, મન, બુધ્ધિ અને આત્મામાં પ્રજ્ઞાનો પ્રકાશ પાથરનાર ૩૬ દીવડાં - ભાવદીપકો. આ અર્થમાં ''હૃદય-પ્રદીપ'' નામને સાર્થક કરતી કૃતિ એટલે જ ''હૃદય-પ્રદીપ ષટ્ત્રિંશિકા'' કિંવા - The Light of the Soul.

જૈન સાહિત્યમાં દ્રવ્યાનુયોગનું નિરૂપણ કરનારા પ્રશમરતિ, શાંત સુધારસ, જ્ઞાનસાર, જ્ઞાનાર્ણવ, અધ્યાત્મસાર, અધ્યાત્મ કલ્પદ્રુમ, પંચસૂત્ર વગેરે અનેક ગ્રંથો આજે ઉપલબ્ધ છે. તેમાં પ્રસ્તુત હૃદય-પ્રદીપ ષટ્ત્રિંશિકા નામની આ લઘુ રચના ખરેખર મુમુક્ષુ સાધકો, આરાધકો માટે હૃદયંગમ અને અનુપ્રેક્ષા માટે ઉપયોગી છે.

આ સંસ્કૃત લઘુ રચના અજ્ઞાતકર્તૃક છે. તેમજ કોઈ પણ ગચ્છ કે સંપ્રદાયની છાપથી તદ્દન મુક્ત છે. આ ગ્રંથના રચયિતાએ પોતાના નામની મહોરછાપ મારી નથી કે સ્વાનુભવને મુદ્રિત (Seal) કર્યું નથી. શ્લોકોની રચના જોતાં સ્પષ્ટ જણાય છે કે - હૃદય - અંતરના ઊંડાણમાંથી આવેલાં એમના ઉદ્‌ગારો આજે પણ એટલાંજ સત્ય, શાશ્વત, અને અસરકારક છે. તેથી તેની ઉપર કોઈ એકનો જ દાવો, અધિકાર, Rights કેમ હોઈ શકે ?

નિસર્ગમાં દરેક જીવસૃષ્ટિને જીજીવિષા રહે છે તેમ અહિં પણ આંતર-જીવન માટે શાંતરસ, માનસિક-પ્રસન્નતા, દુઃખમુક્તિ અને મોક્ષપુરૂષાર્થ પ્રત્યેક મુમુક્ષુ સાધકો માટે ઉપાદેય છે.

હવે આપણે આ ગ્રંથ વિશે વિશેષ માહિતી જોઈશું. ઉપલબ્ધ સામગ્રી આ પ્રમાણે છે. ''હૃદય પ્રદીપ સપ્તતિકા'' નામની ૭૦ શ્લોક પ્રમાણ એક રચના પણ મળે છે. આની હસ્તલિખિત પ્રતિ શ્રી હંસ વિજય લાયબ્રેરી, વડોદરાના જ્ઞાન ભંડારમાં છે એવું જાણવા મલ્યું છે. તે શ્લોકો જોતાં ૩૬ શ્લોકોની આ

રચના વધુ મૂળભૂત લાગે છે, પ્રાચીન જણાય છે.

આ ઉપરાંત હૃદય-પ્રદીપ ષટ્ત્રિંશિકાનું સટીક-ગુજરાતી ભાષાંતર શ્રી જૈનધર્મ પ્રસારક સભા, ભાવનગરથી વિ.સં. ૧૯૭૩ માં પ્રકાશિત થયું હતું. તેની પ્રસ્તાવનાના આધારે આ મૂળશ્લોકો ઉપરની સંસ્કૃત ટીકા તત્કાલીન સંસ્કૃતના વિદ્વાન શાસ્ત્રીજી દ્વારા તૈયાર કરવામાં આવી છે. તેમજ હૃદય-પ્રદીપ ષટ્ત્રિંશિકાનું ઈંગ્લિશ નોટસ્-વિવરણ સહિત બીજું પ્રકાશન સન ૧૯૭૧ માં વી.જે. સભા, ભાવનગર થી મુદ્રિત થયું હતું.

ઉપરાંત આ ગ્રંથ ઉપર આચાર્ય વિજય રત્નસુંદર સૂરિજી મહારાજે અર્વાચીન અને આધ્યાત્મિક શૈલિમાં વિવેચન તૈયાર કર્યું છે. જે ગ્રંથ "ચેતન, ? જ્ઞાનદીપ પ્રગટાવો" એ નામે રત્નત્રયી ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલ છે સૌને વાંચવા માટે ઉપયોગી છે. એ ગ્રંથમાંથી 'હૃદય પ્રદીપ પ્રગટાવો' એ લેખ સાભાર ઉદ્ધૃત કર્યો છે.

પ્રસ્તુત ગ્રંથનું આ માત્ર પુનર્મુદ્રણ નથી પરંતુ તેનો પરિષ્કાર કરીને અત્રે શ્લોકાર્થ તથા ભાવાનુવાદ આપેલ છે. તે ઉપરાંત સોનામાં સુગંધ ભળે તેમ વિદુષી નીલેશ્વરીબેન કોઠારી તરફથી ઈંગ્લિશમાં કરવામાં આવેલ સમશ્લોકી પદ્યાનુવાદ જેવું Poetic Presentation, Explanation તથા Glossary થી આ ગ્રંથનું ગૌરવ વધ્યું છે. નીલેશ્વરી બેને આ કાર્ય ઘણીજ આત્મીયતાથી કરી આપ્યું છે. તેમની સ્વાધ્યાયરૂચિને હું આવકારૂ છું.

મારા પ્રવજ્યા-જીવનના બાલ્યવયમાં આ સંસ્કૃત ગ્રંથ મેં મુખપાઠ કર્યો હતો તેનો રસાસ્વાદ હજી સુધી હું ભૂલ્યો નથી. તેના પરિણામે આ ગ્રંથનું પરિષ્કૃત અને પરિમાર્જિત પ્રકાશન કરવાની પ્રેરણા જાગી અને મારા પરમ ઉપકારી પૂજ્ય ગુરૂમહારાજ આચાર્યદેવ શ્રી ચિદાનંદ સૂરિશ્વરજી મહારાજે પણ મારી ભાવનાને વારંવાર પ્રોત્સાહન આપીને અભિવૃધ્ધિ કરી અને વૃધ્ધ ઉમરે પણ કાળજી લઈને મને આશીર્વાદ આપીને આ કાર્ય સરળ બનાવ્યું તેનો હું ઋણી છું. પરિણામે આજે આ ગ્રંથ આપની સમક્ષ મૂકી શકયો છું.

વિ.સં. ૨૦૫૫ નું મારૂં ચાતુર્માસ શ્રી નમિનાથજી જૈન દેરાસર, પાયધુની, મુંબઈ મુકામે ટ્રસ્ટીઓની વિનંતિથી થતાં આ સમય દરમિયાન આ ગ્રંથનું વિસ્તૃત વિવેચન લખવાની પ્રેરણા જાગી અને આ કાર્ય અહિં સંપન્ન થયું.

આ ગ્રંથના પ્રકાશનમાં માર્ગદર્શન આપીને કે અભિરૂચિ બતાવીને જેઓ મને સહાયક થયાં છે તેમના નામનો ઉલ્લેખ કરવાનું હું ટાળી શકતો નથી. તે સૌનો હું કૃતજ્ઞ છું.

આચાર્યશ્રી વિશાલસેન સૂરિજી મહારાજ તથા સર્વશ્રી ચંદ્રકાંતભાઈ અમૃતલાલ દોશી. (જૈન સાહિત્ય વિકાસ મંડલ, ઈરલા બ્રીજ) સુશ્રાવકવર્યશ્રી ગોવિંદજીભાઈ જીવરાજ લોડાયા, (જૈન દર્શનના વિદ્વાન), શ્રી હર્ષદભાઈ મણીલાલ સંઘવી, પંડિતવર્યશ્રી પુનમચંદભાઈ, મુકતાબેન ભટ્ટ, નીલેશ્વરીબેન કોઠારી, અરવિંદ પ્રિન્ટર્સના માલીક અરવિંદભાઈ રાવલ વગેરેના સહયોગથી આ કાર્ય સરળ બન્યું છે.

જે ચેરીટેબલ ટ્રસ્ટો અને મહાનુભાવો તરફથી જ્ઞાનખાતામાંથી આર્થિક અનુદાન મલ્યું છે તેના નામો અહિં સાભાર પ્રકાશિત કરેલ છે.

ગ્રંથના મુદ્રણકાર્યમાં ધાર્યા કરતાં જરૂર વિલંબ થયો છે પણ સર્વાંગ સુંદર પ્રકાશન આપની સમક્ષ મૂકી શકયાનો આનંદ છે. અસ્તુ.

કલિકુંડ પાર્શ્વનાથ જૈન મંદિર

શાંતાક્રુઝ (ઈસ્ટ), મુંબઈ - ૫૫ તા. ૨૦-૭-૨૦૦૦

હૃદય પ્રદીપ પ્રગટાવો....

અંધકાર, વિષ્ટા, કચરો, દરિદ્રતા ? આમાંની એક પણ ચીજ આપણને ગમતી નથી.. અંધકાર અકળાવે છે...વિષ્ટા ભગાડે છે.... કચરો ભમાવે છે... દરિદ્રતા સળગાવે છે....

આ બધીય ચીજોના ત્રાસ જ આપણને એ ચીજોથી મુકત થવામાં સફળતા અપાવે છે. પણ, અંધકાર... વિષ્ટા.... કચરો અને દરિદ્રતા કરતાંય વધુ ભયંકર છે અજ્ઞાનનો અંધકાર.... વાસનાની વિષ્ટા... કષાયનો કચરો.... અંતરની દરિદ્રતા પણ, ખરી તકલીફ એ છે કે આમાંની એકેય ચીજ આપણને અકળાવતી નથી....

ચોરને જેમ ચોરી કરવા માટે અંધકારજ ફાવે છે તેમ આપણનેય અજ્ઞાનનો અંધકાર ફાવી ગયો છે....

મજૂરો કચરાની વચ્ચે રહેવા જેમ ટેવાઈ જાય છે તેમ આપણેય કષાયના કચરા વચ્ચે રહેવા ટેવાઈ ગયા છીએ. વરસોથી દરિદ્રતામાં જીવનારાને જેમ દરિદ્રતા કોઠે પડી જાય છે તેમ આપણને ય અંતરની દરિદ્રતા કોઠે પડી ગઈ છે.... પણ આ અંધકાર વગેરેએ આપણને કેવા રિબાવ્યા છે, આપણા આત્મગુણોની કેવી ક્રૂર કતલ કરી છે.... દુર્ગતિઓનાં જાલિમ દુઃખો વચ્ચે કેવી ભયંકર

દુર્બુદ્ધિ દિલમાં પેદા કરી છે. એ સ્વસ્થ ચિત્તે જો જાણી લઈએ તો એનો ત્રાસ ઊભો થયા વિના ન રહે... અને જ્યાં આ ત્રાસ ઊભો થઈ જાય ત્યાં એનાથી મુકત થવાના ઉપાયો શરૂ થયા વિના ન રહે !

'હૃદય પ્રદીપ' નામનો આ ગ્રંથ એ ત્રાસ ઉત્પન્ન કરવામાં અને એ ત્રાસથી મુકત થવામાં જબરદસ્ત સહાયક બને એવો છે એની પ્રતીતિ ગ્રંથનું વાંચન કર્યા પછી થયા વિના નહીં રહે !

વાસણ માંજતાં માંજતાં વાસણની સાથે જેમ હાથ પણ ચોખ્ખા થઈ જાય છે તેમ આ ગ્રંથના શ્લોકોનું વિવેચન લખતાં લખતાં મેં અપૂર્વ આનંદ અનુભવ્યો છે...

અનંતોપકારી પૂજ્યપાદ ગુરુદેવશ્રીની કૃપાદષ્ટિથી અનામી એવા પૂજનીય ચિરંતનાચાર્ય વિરચિત આ ગ્રંથના વિવેચનના લખાણમાં કયાંય પણ શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ લખાઈ ગયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડં.... પ્રાન્તે, 'હૃદય પ્રદીપ' નામનો આ ગ્રંથ સાચેજ આપણા હૃદયમાં દીપ પ્રગટાવે એજ શુભેચ્છા સાથે....

-રત્નસુંદરવિજય
(આ. વિ. રત્નસુંદર સૂરિ)

("ચેતન ? જ્ઞાનદીપ પ્રગટાવો" માંથી ઉદ્ધૃત)

અનુભવનું અમૃત

લેખક :- ગૌતમ વી. પટેલ M.A. Ph.D.

(અધ્યક્ષ, સંસ્કૃત સાહિત્ય અકાદમી ગુજરાત રાજ્ય.) અમદાવાદ

આચાર્યથી ચિદાનંદ સૂરિજી મ.ના વિદ્વાન શિષ્યરત્ન, પ્રવર્તક મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી નો જન્મ તા. ૨૬ જાન્યુ ૧૯૩૯ ના રોજ નવસારી (સૂરત) મુકામે થયો. તેઓશ્રીએ બાલ્યવયે માતા-પિતા સાથેજ પ્રવજ્યા ધારણ કરી હતી. આજે તેમણે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષા ઉપર વ્યવસ્થિત અધ્યયન દ્વારા સારૂં એવું પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. તેઓશ્રીના એકથી વધુ ભાષાઓમાં અનેક ધર્મગ્રંથો સાહિત્ય જગતને પ્રાપ્ત છે.

મેં તેઓશ્રીને નજીકથી નિહાળ્યાં છે એટલે તેમની સ્પષ્ટ છબિ હું જોઈ શકયો છું આદરણીય મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજી નિરંતર અધ્યયનરત રહે છે. સ્વભાવે જિજ્ઞાસા વૃત્તિ ધરાવે છે. અને જીવનમાં અનુભવનું વિરલ ભાથું ભેગું કરે છે.

આપણી ધાર્મિક પરંપરામાં જે અનેક ઉત્તમ નાના- મોટા ગ્રંથો છે તેમાં જે જીવનનું અમૂલ્ય અમૃત ઉપલબ્ધ થાય છે તેને આત્મસાત્ કરવા તેઓ અવિરત પ્રયત્નશીલ રહે છે.

ભારતના અનેક ધર્મોના વિવિધ ઉપદેશપ્રધાન ગ્રંથોમાં જે ગ્રંથો જીવનોપયોગી કહી શકાય તેમાં શ્રી હૃદયપ્રદીપ ષટ્ત્રિંશિકાનું પોતાનું આગવું સ્થાન છે એક પ્રત મુજબ એના ૭૦ શ્લોકો ઉપલબ્ધ છે પણ પૂજય મુનિજીએ ૩૬ શ્લોકોની પ્રતનો આધાર લઈને જે વિવેચન કર્યું છે એ વિદ્વત્તાના ધોરણે અને સંપાદનના સિધ્ધાન્તો અનુસાર સર્વથા યોગ્ય છે કારણ ભારતમાં ઘણીવાર મૂળગ્રંથમાં પાછળથી સમયે ઉમેરા થતા હોય છે.

અત્રે જે ગ્રંથના અનુવાદ સાથે પ્રકાશન થઈ રહ્યું છે તેનો પરિચય

અન્યત્ર આપેલો છે. અહીં સાધુજનોને ઉચિત એવો ઉપાદેય ઉપદેશ સંસ્કૃતમાં વ્યકત થયો છે. પૂ. મુનિશ્રી મૃગેન્દ્ર વિજયજીએ તેનું વિવેચન સરળ ભાષામાં આપ્યું છે. આમ કરતી વખતે ઋગ્વેદ કે કાલિદાસની કૃતિઓ તથા સુભાષિતો ઉદ્ધૃત કરીને તેઓએ પોતાના અનુભવના અમૃતનું આપણને સુપેરે પ્રાન કરાવ્યું છે. અહીં અધ્યયન અને અનુભૂતિની સરિતાઓ મૂળ ગ્રંથની સાથે ભળતા એક પ્રકારની ત્રિવેણી રચાઈ છે. જેમાં સ્નાન કરીને વાચક આ લોકમાં શુધ્ધિ અને પરલોકમાં મુક્તિ મેળવી શકે છે.

આ ઉપરાંત ગ્રંથના શ્લોકોનો વિદુષી નીલેશ્વરી બેન કોઠારી દ્વારા તૈયાર કરેલ અંગ્રેજી અનુવાદથી આ ગ્રંથની ઉપયોગિતામાં અવશ્ય ઉમેરો થયો છે.

આ કૃતિ 'નાનો પણ રાઈનો દાણો' કહેવતને સાર્થક કરે છે અને તેની સરસ સમજુતીથી વાચક વર્ગ અનુગૃહીત થશે એમાં કોઈ શંકા નથી.

પૂ. મુનિજી પાસેથી સમાજ હજુ ગ્રંથરત્નોની અપેક્ષા રાખે તે યોગ્ય છે. મારા તેઓશ્રીને પ્રણામપૂર્વક અભિનંદન.

-: સુકૃતના સહભાગી :-

- શ્રી નમિનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ. પાયધુની.
- શ્રી કલિકુંડ પાર્શ્વનાથ જૈન મંદિર ટ્રસ્ટ. શાંતાક્રુઝ (પૂર્વ)
- શ્રી અનંતનાથજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ સાધારણ ફંડ.
- શ્રી ઘાટકોપર જૈન શ્વે. મૂ. તપગચ્છ સંઘ.
- શ્રી શાંતિનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ, બોરાબજાર, કોટ.
- શ્રી ઝવેરચંદ પ્રતાપચંદ સુપાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ. વાલકેશ્વર.
- શ્રી ચંદ્રપ્રભુ જૈન દેરાસર, પ્રાર્થના સમાજ.
- પ્રિન્સેસ સ્ટ્રીટ, લુહારચાલ જૈન સંઘ.
- અમૃતલાલ ફાઉન્ડેશન (ઈરલા બ્રીજ, અંધેરી).
- પ્રાણ-પરિમલ પ્રકાશન ટ્રસ્ટ. શ્રી મણીભાઈ દોશી
- પદ્મસિંહ કે. છેડા (જુહુસ્કીમ).
- શશીકાંત દીપચંદ કલ્યાણજી મહેતા પરિવાર. મુંબઈ
- અમોલકચંદ નાહર (રોઝ એન્ટીક) મુંબઈ
- ધુપેલીઆ પરિવાર, હર્ષદભાઈ, શાંતાક્રુઝ (વેસ્ટ)
- એસ.ટી. મણીયાર પરિવાર, શાંતાક્રુઝ (ઈસ્ટ)
- તારાબેન મણીલાલ દેઢીયા શાંતાક્રુઝ (ઈસ્ટ)
- સુમિત્રાબેન શાંતિલાલ મહેતા પરિવાર, શાંતાક્રુઝ (ઈસ્ટ)
- માતુશ્રી ધનવંતીબેન ધનજી છેડા. (શાંતાક્રુઝ - ઈસ્ટ)
- માતુશ્રી વિમળાબેન શાંતિલાલ શેઠ (શાંતાક્રુઝ - ઈસ્ટ)
- માતુશ્રી ઝવેરબેન જેઠાલાલ માણશી કારીઆ (શાંતાક્રુઝ - ઈસ્ટ)
- લખમશી સુરજી ગાલા (શાંતાક્રુઝ - ઈસ્ટ)
- મંછીબેન અચલદાસ રાઠોડ (શાંતાક્રુઝ - ઈસ્ટ)
- કલિકુંડ મહિલા મંડળ (શાંતાક્રુઝ - ઈસ્ટ)
- કુમારપાળભાઈ શાહ (શાંતાક્રુઝ - ઈસ્ટ)
- અશોકભાઈ ડી. શાહ (માલણવાળા) મલાડ (વેસ્ટ)

- માતુશ્રી લક્ષ્મીબેન મેઘજી દામજી શેઠીયા (ભુજપુર).
- માતુશ્રી પ્રભાવતીબેન હિંમતલાલ શાહ.
- માતુશ્રી સ્વ. મીઠીબેન દેવશી સાવલા.
- સ્વ. શારદાબેન કાંતિલાલ વખારીયા.
- બાબુભાઈ પાંચાભાઈ ગાલા.
- ભાવિક રાજેશભાઈ ખંધાર.
- સ્વ. જયસુખલાલ કુંવરજી શાહ.
- ઈચ્છાબેન ગોપાલજી પરમાનંદ શેઠ.
- નથમલજી ભંડારી.
- સરલાબેન જિતેન્દ્ર એમ. શાહ પરિવાર (કાંદીવલી).
- જયસુધા ચંદ્રકાંત એમ. શાહ પરિવાર (કાંદીવલી).
- ફોરમ-પ્રિયંકા કાંતિ લીલાધર વોરા.
- આશાબેન દેવેન શાહ.
- હંસાબેન મહેન્દ્રભાઈ સાવલા (પાનેતર સાડી સેન્ટર)
- હંસાબેન પ્રવીણભાઈ શાહ.
- રમીલાબેન પ્રદીપ કુમાર.
- સ્નેહલતા શાંતિલાલ રાંભીયા.
- લક્ષ્મીબેન કાનજી બાંધાવાલા.
- માતુશ્રી રતનબેન તલકશી પાસડ.
- ઝવેરબેન દામજી દેવજી હરીઆ.
- ગડા હરીઆ પરિવાર.
- હીરજી તેજપાલ.
- હીરો પેપર સ્ટોર્સ. આશીષ ડી. કારીઆ. ધીરજભાઈ દેવજી કારીઆ.

શ્લોક-ક્રમાંક	ગેય-રાગ
૧	વસંતતિલકા
૨	ઈન્દ્રવજ્રા
૩/૪	રથોદ્ધતા
૫	ઈન્દ્રવજ્રા
૬/૭	ઉપજાતિ
૮/૯	ઈન્દ્રવજ્રા
૧૦ થી ૧૮	ઉપજાતિ
૧૯	ઉપેન્દ્રવજ્રા
૨૦/૨૧	ઉપજાતિ
૨૨	ઈન્દ્રવજ્રા
૨૩ થી ૨૫	ઉપજાતિ
૨૬	ઈન્દ્રવજ્રા
૨૭	મન્દાક્રાંતા
૨૮ થી ૩૦	ઉપજાતિ
૩૧	ઈન્દ્રવજ્રા
૩૨	વસંત તિલકા
૩૩ થી ૩૫	ઉપજાતિ
૩૬	માલિની

નોંધ :-

પ્રસ્તુત ગ્રંથ મુદ્રણ-પ્રેસમાં આપ્યા પછી મુનિશ્રી ધર્મતિલક વિજયજી મ. દ્વારા સંપાદિત હૃદય-પ્રદીપ ષટ્ત્રિંશિકાનું પ્રકાશન જોવા મલ્યું. જેની હું અહિં સાદર નોંધ લઉં છું. આ પ્રકાશન શેઠશ્રી ખેતશીભાઈ પરસોત્તમદાસ પરિવાર (રાધનપુર) તરફથી વિ. સં. ૨૦૫૫ માં દ્વિતીય સંસ્કરણ રૂપે પ્રસિધ્ધ થયેલ છે.

- સંપાદક

१

शब्दादिपञ्चविषयेषु विचेतनेषु,
योऽन्तर्गतो हृदि विवेककलां व्यनक्ति।
यस्माद् भवान्तरगतान्यपि चेष्टितानि,
प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ॥१॥

Endeavour, endeavour, endeavour, O man !
To seek, to serve and hence to obtain,
That 'Self - experience' which unfolds in a heart.
The wisdom to set sound and all senses apart –
These non-living objects, distinct from 'knowledge',
(As is a charioteer, from his carriage)
And which reveals to the eyes of the Soul –
The deeds of earlier births and all.

(1) EXPLANATION :

Man seeks bliss. But constant suffering is his lot. This verse stresses that 'Right knowledge' is the only remedy. Right knowledge is attained in three stages :

(1) Right Information, (2) Right Reflection, (3) Self-experience Of these, right information, which implies scriptural knowledge; and right reflection - which involves mental activity are both indirect. 'Self-experience' is the knowledge attained by the 'soul' without the aid of their the senses or the mind, and is thus direct. 'Self-experience' is vital because it lends the seeker the wisdom to distinguish non-living objects of the five special senses (sound, sight etc.) and the living soul from each other and also blesses him with the extra-sensory perception and knowledge of his previous births.

શ્લોકાર્થ :

જે અનુભવજ્ઞાન હૃદયમાં પ્રગટ થયા પછી જડસ્વરૂપ શબ્દાદિ પાંચે ય વિષયોનો વિવેક પ્રગટ થાય છે અને જેના દ્વારા પૂર્વજન્મોના (શુભાશુભ) કાર્યોનું જાતિસ્મરણ જ્ઞાનથી પ્રત્યક્ષ - તાદશ દર્શન થાય છે તે અનુભવ જ્ઞાનને (હે ભવ્યજીવો ?) તમે પ્રાપ્ત કરો (૧)

ભાવાનુવાદ :

આ ગ્રંથના રચયિતા આર્ષદ્રષ્ટા છે એટલે તેમણે ગ્રંથના પ્રારંભમાં જ માનસ પ્રત્યક્ષ જે અનુભવ જ્ઞાન છે તે પ્રાપ્ત કરવા સાધકોને અનુગ્રહ કર્યો છે

આ અનુભવજ્ઞાનની પરિભાષા સમજતાં અગાઉ આપણે ત્રણજ્ઞાનનું સ્વરૂપ વિચારીશું. આચાર્યશ્રી હરિભદ્ર સૂરિજી મહારાજે ષોડશક પ્રકરણ ના ૧૧ માં ષોડશકમાં ત્રણ જ્ઞાનની વિવક્ષા આ રીતે કરી છે (શ્લોક નં. ૭ થી ૯)

૧ શ્રુતમય જ્ઞાન

૨ ચિંતામય જ્ઞાન

૩ ભાવના મય જ્ઞાન

જે જ્ઞાન ક્રમશઃ ઉત્તરોત્તર વિશિષ્ટ છે. અહિં વિવક્ષિત અનુભવજ્ઞાન એજ ભાવનાજ્ઞાન સમજવું અને ગ્રંથકારના કહેવા મુજબ જે જાતિસ્મરણ જ્ઞાનનું પણ નિમિત્ત છે. ઊકત ત્રણે જ્ઞાનમાં શ્રુતમય જ્ઞાન ધાન્યના કોઠારમાં રહેલ બીજ જેવું છે. તેમાંથી નવા ધાન્યની ઉત્પત્તિ સંભવિત નથી. ભાષા, વૈવિધ્ય, વ્યાકરણ, અલંકાર, શબ્દકોશ સુધીજ આ જ્ઞાન સીમીત હોય છે. જયારે ચિંતામયજ્ઞાન આથી વધુ વિસ્તૃત અને નય, સપ્તભંગી, પ્રમાણ વગેરેથી ગ્રાહય છે. પાણીમાં જેમ તેલનું બિંદુ ફેલાઈ જાય છે તેમ બુદ્ધિની સૂક્ષ્મતાથી વિચારનું ક્ષેત્ર વ્યાપક બને છે.

જયારે ભાવનાજ્ઞાન - અનુભવજ્ઞાનનો પ્રકાશ જાત્યરત્નની આભા કાંતિ જેવો છે. સૂર્યનો પ્રકાશ વાદળોથી આચ્છાદિત હોય તો પણ તે પ્રકાશ પાથરે જ છે એટલે કે સંપૂર્ણરૂપે તિરોહિત થતો નથી. આ જ્ઞાનમાં વિશ્વનો સર્વજીવોના અનુગ્રહની અને દુઃખ મુક્તિની ભાવના - ખેવના હોય છે. મહાભારતમાં જણાવ્યા મુજબ આ ભાવનાજ્ઞાનને સમજવા માટે આ શ્લોક અત્રે ઉપયોગી થશે.

न त्वहं कामये राज्यं
न स्वर्गं नाऽपुनर्भवं ।
कामये दुःखतप्तानां
प्राणिनां आर्ति नाशनम् ॥

મને કોઈ પણ પદ, પ્રતિષ્ઠા, સત્તા, સ્વર્ગ કે મોક્ષની પણ ખેવના નથી. બસ, આ દુનિયાના દુઃખી જીવોનું દુઃખ દૂર થાય એ જ ઇચ્છુ છું.

ગ્રંથના મૂળશ્લોકના પ્રથમ ચરણમાં જણાવ્યા મુજબ 'शब्दादिपञ्चविषयेषु विचेतनेषु' પંક્તિમાં શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શરૂપ પાંચે ઈન્દ્રિયોના વિષયો-ભોગ્ય-પદાર્થ પુદ્ગલ કે જડરૂપ છે. સમસ્ત સંસારનું તે કેન્દ્ર-બિંદુ છે. ચૈતન્યરૂપ આત્મા એને વશીભૂત થતાં તેનું અધઃપતન થાય છે. તેમાં પણ એક એક ઈન્દ્રિયને આધીન થવાથી તેનો કરૂણ અંજામ મૃત્યુ આવે છે. જ્યારે પાંચે પાંચ ઈન્દ્રિયોના વિષયોના ઉપભોગમાં ગળાડૂબ ડૂબેલો મનુષ્ય જો પોતાની જાતને ઉગારી ન લે તો તેનો દારૂણ વિપાક કેવો આવી શકે તેનો તાદશ ચિતાર અહિં આપ્યો છે.

कुरंग-मातङ्ग-पतंग-भृंग,-मीना हताः पञ्चभिरेव पञ्च ।
एकः प्रमादी स कथं न हन्यते, यः सेवते पञ्चभिरेव पञ्च ।।

શબ્દ, સ્પર્શ, રૂપ ગંધ, રસ જેવા એક એક વિષયની લુબ્ધતાથી પ્રાણી પોતાનો પ્રાણ ગુમાવે છે જેમકે- હરણનો શિકાર કરવા શિકારી તેને કર્ણપ્રિય સંગીતથી આકર્ષે છે અને પછી હરણ પોતાના પ્રાણની આહુતિ આપી દે છે. તે જ રીતે વિજાતીય સ્પર્શની લાલચે હાથી પ્રાણ ગુમાવે છે. પતંગિયુ બળતા દીવાની જ્યોતમાં જીવને હોમી દે છે. જ્યારે ગંધમાં લુબ્ધ ભ્રમર મૃત્યુના ભોગે પણ કમલમાં કેદ થવાનું પસંદ કરે છે, અને મત્સ્ય જીહવાની લોલુપતાથી માછીમારનો ભોગ બને છે. આમ એક એક વિષયના સેવનથી જીવની આવી દુઃર્દશા થતી હોય તો પછી મનુષ્ય જો બેફામ વર્તે તો તેના અધઃપતનનું તો પૂછવું જ શું ?

આજના ટી.વી. વીડીયો, ઓડિયો, હોટેલ અને મોટેલના યુગમાં જાતને સુરક્ષિત રાખવા માટે અનુભવજ્ઞાનના આલંબનથીજ બચી શકાય તેમ છે તે નિર્વિવાદ છે.

२

जानन्ति केचिन्न तु कर्तुमीशाः
कर्तुं क्षमा ये न च ते विदन्ति ।
जानन्ति तत्वं प्रभवन्ति कर्तुं,
ते केऽपि लोके विरला भवन्ति ॥२॥

A few among men do have the privilege -
To possess the right spiritual knowledge
Yet they happen to remain for ever -
Incapable to act in a righteous manner,
And few others, who are capable of action,
Are deprived of the right knowledge and vision,
Rarest of rare are indeed those who -
Are right in their knowledge and conduct too.

(2) EXPLANATION :

Seekers of self-experience can be classified into three broad categories : (1) Theorists who have the right scriptural knowledge about the 'Self', the 'nature of self' and the right path to liberation, but are unable to put their knowledge into action due to spiritual lethargy. (2) Ritualists are those who zealously undertake the performance of various rites and rituals but are totally unaware of the 'Self'. (3) Those rare few, who seek 'Self-realisation' by a synchronisation of right conduct and right knowledge.

શ્લોકાર્થ :

આ જગતમાં કેટલાંક મનુષ્યો (બુદ્ધિથી) તત્વને જાણે છે પણ તેનું આચરણ કરવા માટે સમર્થ નથી. કેટલાંક મનુષ્યો (ધર્મકાર્ય) કરવા માટે સમર્થ હોય છે પણ તત્વને જાણતા નથી. પરંતુ જેઓ તત્વને જાણે છે – પિછાણે છે અને તેનો અમલ પણ કરી શકે છે તેવા જીવો તો કોક વિરલ (દુર્લભ) જ હોય છે. (૨)

ભાવાનુવાદ :

આ શ્લોકમાં જગતના જીવોનું ત્રણ વિભાગમાં પૃથક્કરણ કર્યું છે :-

૧) બુધ્ધિથી જાણી શકે પણ તેને અમલમાં મૂકવામાં અસમર્થ એવો એક વર્ગ.

૨) ક્રિયા -આચરણમાં સમર્થ પરંતુ જ્ઞાનનો અભાવ હોય.

૩) જાણીને તેનું આચરણ કરવામાં એટલે કે બંનેમાં સમર્થ હોય તે.

આમ જઘન્ય, મધ્યમ અને ઉત્તમ એમ ત્રણ કક્ષા (Category) પડે છે.

આમાં ઉત્તમ કક્ષાના જીવો વિરલ એટલે અલ્પસંખ્યામાં જોવા મળે છે. હોડી નૌકાને હંકારવા બે બાજુ હલેસાંની જરૂર પડે છે અને આકાશમાં પક્ષી પણ પોતાની બે પાંખ ફફડાવીને જ ઊડી શકે છે તે જ રીતે જીવનની પ્રગતિ - ઉન્નતિ કે સદ્‌ગતિ પણ જ્ઞાન અને ક્રિયાના સમન્વયથી જ શકય છે. કોઈ પણ ક્ષેત્રમાં સફળ થવા માટે બૌધ્ધિક સમજણ અને આચરણનો જો સુમેળ પણ આ તેનું સુંદર પરિણામ લાવી શકાય છે. વ્યાપાર કરવા માટે ધન જરૂરી છે પરંતુ તેના કરતાં ધંધાની સૂઝ - આવડત એથી પણ વધુ જરૂરી છે. ધનના વિનિમય માટે બુધ્ધિનું કૌશલ્ય જોઈએ. આ જ વાત આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ લાગુ પાડી શકાય.

જૈન દર્શનની પરિભાષા પ્રમાણે જ્ઞાનની માત્રાનું તર-તમતાનું કારણ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ છે અને જ્ઞાનને આચારમાં પરિણત કરવાનું કાર્ય ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમના કારણે થાય છે. જ્યારે કોઈવિરલ વ્યક્તિ વિશેષમાં કર્મના ક્ષયોપશમનો પ્રભાવ જોવા મળે તો જ ઉત્તમકક્ષાની યોગ્યતાનું નિર્માણ થાય છે.

મહાભારતમાં દુર્યોધનને આવી કોઈ અગમ્ય સમસ્યાનું સમાધાન ન મળ્યું એટલે છેવટે તેણે ફરિયાદ કરી કે -

जानामि धर्मं, न च मे प्रवृत्तिः, जानाम्यधर्मं न च मे निवृत्तिः ।
केनापि दैवेन हृदि स्थितेन, यथा नियुक्तोस्मि तथा करोमि ॥

હું ધર્મને જાણવા છતાં તેને આચરી શકતો નથી અને અધર્મને સમજીને પણ તેને છોડી શકતો નથી તો તેનું શું કારણ ?

આ શ્લોકમાં જણાવ્યા મુજબ અહિં શુભ પ્રવૃત્તિ અને અશુભનિવૃત્તિનું નિયામક કારણ હૃદયની અંધારી ગુફામાં રહેલા કોઈ અગમ્ય દૈવ-ભાગ્યને ભલે ગણ્યું હોય પણ આપણો દોરીસંચાર તેના હાથમાં નથી. તેનું યોગ્ય સમાધાન આપણા આર્ષદ્રષ્ટા મહાપુરૂષે અહિં આપ્યું છે.

३

सम्यग्विरक्तिर्ननु यस्य चित्ते,
सम्यग्गुरुर्यस्य च तत्ववेत्ता ।
सदाऽनुभूत्या दृढनिश्चयो य -
स्तस्यैव सिद्धिर्न हि चापरस्य ॥३॥

He, and he all alone, whose mind -
Has truly cast all attachments behind,
Who has for a guide a verily true Guru,
(A knower of that which is really true),
Whose iron resolve rests on experience -
Of that which is truly his own essence,
Yes, he alone ultimately attains -
'Realisation' and freedom from mundane existence.

(3) EXPLANATION :

This verse spells out the three most important preconditions for 'Self-realisation' : (1) True Detachment (2) True Guide and (3) Iron-Resolve. 'Self-realisation' is impossible without total mental detachment from all 'other substances' except one's self-substance.

The guidance of one who is himself a knower of the 'Real Truth' and is thus a 'True Guru', is also essential.

Firm determination based on 'True experience' of the 'Self', prevents one's deviation from the right path.

શ્લોકાર્થ :

જેના ચિત્તમાં સાચો વૈરાગ્ય હોય, જેના ગુરૂ સમ્યગ્ તત્વવેત્તા હોય અને નિરંતર અનુભવવડે જેણે દૃઢ નિશ્ચય કર્યો હોય એવા આત્માનેજ સિધ્ધિ પ્રાપ્ત થાય છે, બીજાને નહીં. (૩)

ભાવાનુવાદ :

અત્રે ઉપદિષ્ટ ભાવનાજ્ઞાન - અનુભવજ્ઞાન જ સાધકને સિધ્ધિ આપવા સમર્થ છે. તેની સાથે બીજી બે શરતો મૂકી છે. ૧. મુમુક્ષુમાં સાચી વિરક્તિ એટલે કે વૈરાગ્ય જોઈએ. ૨. સદ્ગુરૂનું યોગ્ય માર્ગદર્શન. વિરક્તિ, પ્રણતિ અને અનુભૂતિનો ત્રિવેણીસંગમ જ્યાં થાય છે તે તીર્થ બની જાય છે.

વૈરાગ્યનું વિશ્લેષણ કરતાં અધ્યાત્મસાર ગ્રંથમાં ત્રણ પ્રકાર બતાવ્યા છે:- "तद् वैराग्यं स्मृतं दुःख-मोह-ज्ञानान्वयात् त्रिधा" દુઃખગર્ભિત, મોહ (આસક્તિ) ગર્ભિત અને જ્ઞાનગર્ભિત. તેમાં દુઃખ અને મોહજન્ય વૈરાગ્ય ત્યાજય છે. માત્ર જ્ઞાનમૂલક વૈરાગ્ય જ ઉપાદેય છે. ધર્મના મર્મને જે સમજે છે તે જ સદ્ગુરુ છે. ગુરૂ હમેંશા આગમ - સૂત્રોના જ્ઞાતા હોવા જોઈએ. ગુરૂ શિષ્યોનો પથપ્રદર્શક-ભોમિયો (Guide) છે.

४

विग्रहं कृमिनिकायसंकुलं,
दुःखदं हृदि विवेचयन्ति ये ।
गुप्तिबद्धमिव चेतनं हि ते,
मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ॥४॥

The soul is once and for all set free,
From its physical frame the body';
Alike a captive from a prison-hole
By him who knows in his heart and soul,
That the body is only a gathering of worms,
(Speaking of it, in absolute terms)
It causes one; over and over again,
Nothing but untold suffering and pain.

(4) EXPLANATION :

True detachment from an object is generated by the knowledge of either its (1) underlying ugliness or (2) remote painfulness. Therefore, only he who knows his body to be a gathering of worms and realises that it ultimately causes pain, is able to get rid of his body - mindednes. And only he, who is thus truly detached, is able to release his soul from the body like a prisoner set free from a prison-hole.

શ્લોકાર્થ :

આ શરીર અનેક (સૂક્ષ્મ અને ત્રસ) કૃમિ વગેરે જીવોના સમૂહથી વ્યાપ્ત છે અને દુઃખદાયી છે એવું જેઓ હૃદયમાં સમજે છે તે જીવો જ આ શરીરરૂપી પિંજરામાં પૂરાયેલા એવા (ચૈતન્ય રૂપ) આત્માને કેદખાનામાંથી બંદીવાનને છોડાવે તેમ છોડાવી શકે છે. (૪)

ભાવાનુવાદ :

મુમુક્ષુમાત્રને ચૈતન્યરૂપ આત્મા અને આ પાર્થિવ પંચભૂતાત્મક શરીરનું ભેદજ્ઞાન હોવું જરૂરી છે. કોઈ મૂર્ખ-ગમાર કેદખાનાને જ ઘર સમજી લે અને ધર્મશાળાને પોતાનું નિવાસસ્થાન સમજે તો તેને કેવો ગણવો ? એ જ રીતે આ સંસારી જીવ શરીર રૂપ કેદખાનામાં કેદ થયો છે તે શરીરનું સ્વરૂપ અતિબિભત્સ છે. બહારથી ચામડીથી મઢેલી આ કાયા ગમે તેટલી સુંદર જણાતી હોય તો પણ તે અનેક સૂક્ષ્મ જીવ-જંતુથી વ્યાપ્ત છે. જો તેને તેથી મુક્ત થવું હોય તો દેહના મમત્વનો ત્યાગ કરવો જોઈએ.

પ્રાચીન રૂષિ-મુનિઓએ' શરીર માદ્યં ખલુ ધર્મસાધનં' કહીને શરીરને ધર્મનું માધ્યમ બનાવવાની જ વાત કરી છે.

८

भोगार्थमेतद् भविनां शरीरम्,
ज्ञानार्थमेतद् किल योगिनां वै ।
जाता विषं चेद्विषया हि सम्यक्,
ज्ञानात्ततः किं कुणपस्य पुष्टया ॥८॥

The physical body is to wordly beings,
A means of quenching sensual cravings,
But unto the seekers of spiritual union,
It is a tool of knowledge acquisition.
What purpose is served by nourishing the body,
When once right knowledge indicates clearly-
That objects of sense are in fact poison,
Which subject the soul to deadly delusion ?

(5) EXPLANATION :

Different men have different view-points towards the body depending on their spiritual state. Wordly beings, who are generally body - minded, look upon the body as a means of gratification of sensual desires. But to Yogis, who seek union with Supreme Consciousness, the body is a tool of gaining Right knowledge. Right knowledge reveals that the objects of sensual pleasures poison the soul with delusion. Thus no being who has this Right knowledge ever indulges in nourishing the body.

શ્લોકાર્થ :

આ શરીર (ભવાભિનંદી) સંસારીજીવોના ભોગ માટે છે. જ્યારે યોગી-જ્ઞાની પુરૂષો માટે આ શરીર જ્ઞાનસંપાદન માટે છે. જેમણે સમ્યગ્જ્ઞાનચક્ષુથી ઈન્દ્રિયોના વિષયોને વિષ-ઝેર તરીકે જાણી લીધાં છે તેમને પછી શરીરની પુષ્ટિ કરવાની જરૂર નથી. (કારણ મૃતક જેવા આ શરીરને હૃષ્ટ-પુષ્ટ બનાવી તેને શણગારવાથી શું ?) (૫)

ભાવાનુવાદ :

આ માનવદેહ ભવાભિનંદી જીવો માટે ભોગાયતન છે. જ્યારે મુમુક્ષુ-જ્ઞાની પુરૂષો માટે તે યોગાયતન છે આ શરીરને ભોગનું સાધન બનાવવું કે યોગનું ! તે તેના અધિકારી ઉપર નિર્ભર રહે છે.

આ જ કારણને લઈને શરીરને અધિકરણ પણ બનાવી શકાય છે અને ઉપકરણ પણ. જો સંસારના હેતુ માટે ઉપયોગ થાય છે તો તે શરીર અધિકરણ એટલે કે પાપ વ્યાપારનું સાધન બની જાય છે. જ્યારે યોગી પુરૂષો માટે શરીર મોક્ષ પ્રાપક હોવાથી તેમને માટે શરીર ધર્મનું સાધન બનીને ઉપકરણ બને છે. સમ્યગ્ સમજણથી જેણે વિષયોને વિષતુલ્ય જાણી પોતાનો અમૂલ્ય સમય વેડફતા નથી. શરીરનો સ્વભાવ નાશવંત છે એટલે ગમે તેટલું પુષ્ટ કરો તો પણ તે છેવટે પંચભૂતમાંજ વિલીન થવાનું છે.

६

त्वङ्मांसमेदोऽस्थिपुरीषमूत्र -
पूर्णेऽनुरागः कुणपे कथं ते ?
दृष्टा च वक्ता च विवेकरुप -
स्त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ? ॥६॥

Composed of fat, flesh bones and the skin,
And with waste matter, filled from within,
This body is a contemptible possession,
How can it be an object of affection ?
When you are yourself the 'power - in - person'
Of preaching and also of true perception
Why then, O, soul ! This infatuation,
When you are the discerning 'Wisdom-in-action'?

(6) EXPLANATION :

This verse ridicules a soul which is intensely infatuated towards the body. Infatuation for the body is caused by ignorance. Ignorance, however, is not the true nature of the 'Self. 'Self' is at once the 'seer' who sees the Truth about the body, the speaker who narrates the 'Truth' and the active wisdom that discerns the Truth from Falsehood. There is no reason for the 'self' to remain attached to the body which is composed of and filled with degenerating organic matter.

શ્લોકાર્થ :

હે આત્મન્ ? ચામડી (ત્વક્, ત્વચા), માંસ, ચરબી, અસ્થિ, વિષ્ટા અને મૂત્ર વગેરે અશુચિથી પરિપૂર્ણ એવા આ શરીરમાં તને કેમ આસક્તિ થાય છે ? કારણકે આત્મિક ગુણોનો દ્દષ્ટા, વક્તા તથા તું જ સાક્ષાત્ વિવેકરૂપ છો તો પછી આ રીતે તું આ દેહમાં મુંઝાય છે કેમ ? (૬)

ભાવાનુવાદ :

અનુપ્રેક્ષા કરવા માટે ૧૬ ભાવના અંતર્ગત અશુચિ ભાવનાની વિભાવના કરી છે. જેના દ્વારા શરીરની આસક્તિ મોહ, મમતા ઘટાડી શકાય છે. અશુચિ - ગંદવાડથી ભરેલી મ્યુનિસિપાલીટીની ગાડી બહારથી ભલે રંગરોગાન કરેલી હોય પણ તેનું આવરણ દૂર થતાં જ દુર્ગંધ ફેલાઈ જાય છે. એ જ રીતે આ શરીર પણ એક ગંદવાડથી ભરેલો અશુચિનો ડબ્બો છે તેની અંદર માંસ, રૂધિર, ચરબી, હાડકાં, વિષ્ટા, મૂત્ર વગેરે ભરેલું છે. માત્ર

ચામડીના આવરણના કારણે તે તિરોહિત છે. હે આત્મન્ ? જ્યારે તું તો તારા દેહના ગુણોથી પર છે તો તું શા માટે તેમાં મમત્વ-રાગ કરીને મુંઝાય છે ?

કુંભરાજાની પુત્રી રાજકુમારી મલ્લિને પરણવાના માંગા લઈને જ્યારે છ રાજકુમારો એકી સાથે આવ્યા ત્યારે રાજકુમારી મલ્લિએ સુંદર યુક્તિ દ્વારા તેમને પ્રતિબોધ કર્યો હતો. મલ્લિએ પોતાના રૂપ જેવું જ બે આબેહૂબ સુંદર સ્ટેચ્યુ - પૂતળું બનાવવા કહયું તેમાં દરરોજ બે કોળીયા ભોજન નાંખવામાં આવતું અને પછી ઉપરથી ઢાંકી દેવામાં આવતું, રાજકુમારોને પ્રતિબોધ કરવા ઢાંકણ દૂર કરતાં જ તુરત દુર્ગંધ રાજમહેલમાં ફેલાઇ ગઇ. પોતાના જ સ્ટેચ્યુના આ દષ્ટાંતથી મલ્લિએ રાજકુમારોને જણાવ્યું કે શા માટે તમે મારી પાછળ મુગ્ધ છો ?

જ્યારે આજે કહેવાતી સહસ્રાબ્દિનું નિમિત્ત લઇને મિસવર્લ્ડ Miss World નું ગાંડપણ ક્યાં જઇને વિરમશે તેની તો માત્ર કલ્પના જ કરવી રહી.

७

धनं न केषां निधनं गतं वै ?
दरिद्रिणः के धनिनो न दृष्टाः ? ।
दुःखैकहेत्वत्र धनेऽतृष्णां,
त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ॥७॥

Which wealthy beings don't ever witness -
The destruction of all that they do possess ?
Which poorest of poor are not seen to rise -
To wealth that well-nigh touches the skies ?
Not wealth, but the thirst for wealth is really
The cause of all the human misery.
Shun this thirst, this excessive greed,
And find yourself, from all miseries freed.

(7) EXPLANATION :

Wealth is considered to be a major source of pleasure. This pleasure is very momentary since wealth increases or decreases with fluctuating fortune. Man therefore ought to give up his excessive thirst for wealth.

શ્લોકાર્થ :

આ જગતમાં કોનું ધન નાશ નથી પામ્યું ? અને નિર્ધન-ગરીબ (પુનઃ) શ્રીમંત થતાં ક્યાં નથી જોયાં ? પણ (અર્થોપાર્જનની) તૃષ્ણા જ દુઃખનું એકમાત્ર કારણ છે માટે તૃષ્ણાનો ત્યાગ કરીને જ સુખી થઈ શકાય એમ મારૂં માનવું છે. (૭)

ભાવાનુવાદ :

દુનિયાના બજારમાં ભાવની વધઘટ થતાં કરોડપતિ એક ક્ષણમાં રોડપતિ બની જાય છે અને નિર્ધન ધનવાન બની જાય છે આમ દુન્યવી કહેવાતા સુખનો કોઈ ભરોસો નથી. ધૂપ-છાંવની રમત ચાલે છે. જોત જોતામાં સુખ, દુઃખમાં પલટાઈ જાય છે એટલે જ ધનની તૃષ્ણા મૃગતૃષ્ણા છે. રણમાં દેખાતું જળ એ મૃગજળ છે. વાસ્તવમાં તો પાણી છે જ નહિ માત્ર પાણીનો આભાસ છે, દૃષ્ટિ-ભ્રમ છે. કવિ કાલિદાસ કહે છે કે :-

कस्यैकान्तं सुखमुपगतो, दुःखमेकान्ततो वा ।
नीचैर्गच्छत्युपरि च दशा चक्रनेमिक्रमेण ।।

સુખ-દુખ એક દ્વન્દ્વ છે. તે ગાડીના પૈડાંની જેમ Wheel ની જેમ ઉપર-નીચે ફર્યા કરે છે.

મીરાં પોતાના અનુભવને વાચા આપતાં કહે છે ''સંસારનું સુખ કાચું, ઝાંઝવાના નીર જેવું. પરણીને રંડાવું પાછું રે. મોહન પ્યારા.''

કવિ ઋષભદાસ પણ આવી જ વાત કરે છે.

''સગું તારૂં કોણ સાચું રે, સંસારિયામાં. કુડું કુડું હેતે કીધું, તેને સાચું માની લીધું અંતકાળે દુઃખ દીધું રે. સંસારિયામાં''

અહિં ગ્રંથકારે દુઃખનું એક માત્ર કારણ ધનની આસક્તિ બતાવી છે એ આસક્તિ-મમત્વભાવનો ત્યાગ એ જ શાશ્વત સુખનો રાજમાર્ગ છે એમ તેઓ માને છે એવું સ્પષ્ટ વિધાન શ્લોકમાં જોવા મળે છે ગ્રંથકારનું આ સ્ટેટમેન્ટ અક્ષરશઃ સત્ય છે.

८

संसारदुःखान्न परोऽस्ति रोगः
सम्यग्विचारात् परमौषधं न ।
तद्रोगदुःखस्य विनाशनाय,
सच्छास्त्रतोऽयं क्रियते विचारः ॥८॥

To be subjected to mundane existence,
Is greatest of all grave wordly afflictions,
There is no better, no surer cure -
Than 'right - reflection,' : 'truthful' and 'pure'
Hence, for the purpose of complete destruction-
Of all the agony of this affliction,
I here do suggest the right remedy,
As spelt by the scriptures, true and holy.



(8) EXPLANATION :

Disease and death are feared by all men. But for a soul, this very wordly existence is the worst disease of all. This affliction can be cured only by the panacea of 'right reflection'. Right reflection, when undertaken as per the guidelines given in True scriptures, uproots all the suffering entailed by mundane existence.

શ્લોકાર્થ :
સંસારના દુઃખ જેવો બીજો કોઈ રોગ નથી. સમ્યગ્ વિચાર જેવું બીજું કોઈ શ્રેષ્ઠ ઔષધ-ભેષજ નથી. માટે (જન્મ - મરણ રૂપ) રોગ સદૃશ દુઃખના નિવારણ માટે (સર્વજ્ઞ પ્રરૂપિત) સત્-શાસ્ત્ર (આગમ) થી આ (નિર્ણયાત્મક) વિચાર કરવામાં આવે છે. (૮)

ભાવાનુવાદ :

આ સંસારના આધિદૈવિક, આધિભૌતિક અને આધ્યાત્મિક દુઃખો એ જ વાસ્તવમાં વ્યાધિ છે. બીજા દુઃખો તેનો વિસ્તાર છે. આ વ્યાધિનો જડમૂળથી નાશ કરનાર सम्यग् विचार એ પરમ શ્રેષ્ઠ ઔષધ છે. આ સમ્યગ્ વિચારનો સ્રોત સર્વજ્ઞ દેવ પ્રરૂપિત શાસ્ત્ર છે. એટલે તેના આધારે ચિંતન કરવાથી દુઃખ અને રોગથી કાયમી મુક્તિ મેળવી શકાય છે.

શુભ-સુંદર વિચારોથી પર્યાવરણને પણ સુધારી શકાય છે. ઋગ્વેદનો મંત્ર છે :- "आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः" દરેક દિશાઓમાંથી અમને મંગલ-સમ્યગ્ વિચારો પ્રાપ્ત થાઓ. (ઋગ્વેદ ૧-૮૯-૧)

९

अनित्यताया यदि चेत् प्रतीति -

स्तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात् ।

सुखी हि सर्वत्र जने वने च,

नो चेद्वने चाथ जनेषु दुःखी ॥९॥

One who upholds in his conviction
The trainsient nature of all creation,
And has with his Guru's gracious blessings-
Firm faith in the intrinsic 'Truth' of all things,
Wherever he lives, he lives happily;
In the midst of men or in woodlands lonely,
But he who holds no faith or conviction
Is followed everywhere by inner agitation.

(9) EXPLANATION :

Equanimity heals all worldly wounds. This equanimity is attained by a being who (1) has firm conviction about the impermanence of the entire universe, (2) has the blessing of a true guru and (3) has, by the virtue of such blessing, strong faith in Truth. Beings who lack such conviction and faith, undergo constant suffering, whether they live in isolation or in social association.

શ્લોકાર્થ :

(સંસારના સર્વ પદાર્થોની) અનિત્યતાની જેને ખાતરી છે અને સદ્‌ગુરૂના અનુગ્રહથી જેને તત્વનિષ્ઠા પ્રાપ્ત થઈ છે તે આત્મા જગતમાં કે જંગલમાં બધેજ સુખી છે. અથવા જો તેને અનિત્યતાની પ્રતીતી નથી અને તત્વનીશ્રદ્ધા નથી તો તે સર્વત્ર દુઃખી જ છે. (૯)

ભાવાનુવાદ :

સુખ અને દુઃખના આવર્તમાં આ જીવ હમેંશા અથડાય છે. ઈષ્ટવસ્તુનો વિયોગ અને અનિષ્ટ વસ્તુના સંયોગનું ઘટનાચક્ર સતત ચાલ્યા કરે છે. સંસારની ક્ષણભંગુરતા પ્રતિક્ષણ અનુભવાય છે. જો એકવાર આ સત્યની ખાતરી થઈ જાય અને સદ્‌ગુરૂ કૃપાથી આ શ્રદ્ધા સુદ્રઢ થઈ જાય તો સુખ આપણા હાથવેંતમાં છે. સુખ બહુ દૂર નથી. તે સમીપમાં જ છે સ્વાધીન અને સ્વાયત્ત પણ છે. કોઈ પણ સ્થિતિમાં ગમેત્યારે નગરમાં કે જંગલમાં તમે આ સુખને માણી શકો છો, બસ, આટલું સમજી લો કે - "આ પણ કાયમ રહેવાનું નથી." આ સૂત્ર તમારી દિલની દિવાલ ઉપર કોતરી દો. અન્યથા દુઃખ તમારો પીછો છોડશે નહિં.

१०

मोहान्धकारे भ्रमतीह तावत्,

संसारदुःखैश्च कदर्थ्यमानः ।

यावद्विवेकार्कमहोदयेन,

यथास्थितं पश्यति नात्मरुपम् ॥१०॥

Lost in the darkness of self - delusion
Tortured by ignorance and infatuation,
Seeking an escape from worldly agony,
Man wanders, and wanders all over; aimlessly
Until the 'Sun' of discerning vision -
And knowledge, rises on his inner horizon
And until he sees in its glorious brilliance
His own true nature, his spiritual essence.

(10) EXPLANATION :

Man is tortured by worldly misery only as he is drowned in the darkness of delusion. Delusion is the root cause of a man's wordly wandering. This wandering comes to an end when the 'Sun' of discerning knowledge and vision dispels all the darkness and man sees his true nature in its light.

શ્લોકાર્થ :

આ જીવાત્મા મોહ (રાગ-દ્વેષ) ના અંધકારમાં ત્યાં સુધીજ અથડાય છે. અને સંસારના (ત્રિવિધ) દુ:ખોથી દુ:ખી થાય છે. જ્યાં સુધી વિવેક રૂપ સૂર્યનો ઉદય થયો નથી. સ્વાનુભવ-પ્રકાશ થતાંજ પોતાનું આત્મસ્વરૂપ ઓળખાય છે અને દુ:ખોનો (કાયમી) અંત આવે છે. (૧૦)

ભાવાનુવાદ :

અનાદિકાળના અજ્ઞાન, મોહ અને માયાના અંધકારને ઉલેચવા આકાશના સૂર્યની ગતિ જ્યાં સંભવિત નથી તે અંધકાર ભેદજ્ઞાનના વિવેકનો સૂર્યોદય થતાંજ ક્ષણમાં વિલીન થઈ જાય છે.

મોહને અંધકાર સાથે ઘણું સામ્ય છે. અંધકાર પુદ્‌ગલ દ્રવ્ય છે. જ્યારે મોહનીયકર્મ પણ કાર્મણ વર્ગણાના પુદ્‌ગલ છે. આઠ કર્મો પૈકી મોહનીય કર્મની પકડ વધુ મજબૂત છે તેમજ તેની સ્થિતિ પણ લાંબી છે. અંધકારના આવરણથી જેમ જોઈ શકાતું નથી. તેમ દર્શન મોહનીય કર્મના નિબિડ આવરણથી પણ આન્તર્ચક્ષુ - પ્રજ્ઞાચક્ષુ ઢંકાઈ જાય છે. દુ:ખી થાય છે. આત્માના સાચા અવબોધ વિના આ દુ:ખ ટળવું અશક્ય છે. માટે હે આત્મન્ ? તું તે માટે પ્રયત્નશીલ થા.

११

अर्थो ह्यनर्थो बहुधा मतोऽयं,
स्त्रीणां चरित्राणि शवोपमानि ।
विषेण तुल्या विषयाश्च तेषां,
येषां हृदि स्वात्मलयानुभूतिः ॥११॥

That wealth is an evil to a holy soul -
Which is to many an essential life - goal,
A woman's gestures of love and loyalty
Are like those of a corpse - lifeless and filthy,
All wordly objects of sense satiation,
Are just as venomous as deadly poison
To him who has had the divine experience,
Of dissolving himself in his soul - substance.

(11) EXPLANATION :

The previous verse highlighted the significance of wisdom. This one sings the glory of the divine experience of dissolution within one's self. All the sources of momentary mirth namely (1) Wealth, (2) Woman an (3) Worldly means of sense-satiation; become redundant to him who is engrossed in himself. Such a being looks upon wealth as an 'evil' and not as one of the four principle 'ends' of life. The gestures of a woman are as lifeless and meaningless to him as those of a corpse. Pleasures of the sense become poison for him whose heart overflows with 'self-experience'.

શ્લોકાર્થ :

જેમને આત્માનુભૂતિ થઈ છે તેમને અનેક પ્રકારે સાંસારિક સુખના કારણભૂત લોકોએ માની લીધેલું પ્રત્યક્ષ દેખાતું ધન અનર્થકારક જ લાગે છે તેમજ સ્ત્રીઓના શૃંગારરસની વાતો એ મૃતકની વાર્તા જેવી ભાસે છે અને ઈન્દ્રિયોના વિષયો વિષતુલ્ય લાગે છે. (૧૧)

ભાવાનુવાદ :

જાતથી આ જગત્ જુદું છે - ભિન્ન છે. એવું જેણે સ્વ-સંવેદન કર્યું છે એવા પ્રાજ્ઞપુરુષને આ ભૌતિક જગતના કહેવાતા કોઈપણ પ્રલોભન આકર્ષી શકતાં નથી. સંસાર એક વિશાળ શોપીંગ સેન્ટર છે. ઠેક-ઠેકાણે પ્રલોભનોના પાટીયા મારેલા છે. આપણે એમાંથી પસાર થવાનું છે પણ આ પામરજીવ તે જોવા માટે લલચાય છે અને તેને મેળવવા માટે અથાગ પ્રયત્ન કરે છે.

આમ જોતાં જોતાં જ જીવન પુરૂં કરે છે.

આ જગતના પ્રાંગણમાં ત્રણ પદાર્થ તરફ પ્રાણીને વધુ આકર્ષણ રહયું છે તે તરફ અહિં અંગુલિનિર્દેશ થયો છે. ૧ કંચન (ધન) ૨ કામિની (સ્ત્રી) ૩ કામના (વિષય લોલુપતા) જ્ઞાનની નજરથી એનું મૂલ્યાંકન કરતાં લાગે છે કે અર્થ (ધન) જ બધાં પાપો - અનિષ્ટોનું મૂળ છે. પાપનો બાપ પણ એજ લોભ છે. આદિ શંકરાચાર્ય કહે છે કે - **अर्थमनर्थं भावय नित्यं.** અર્થ-ધનને તું અનર્થનું કારણ સમજ.

તે પછી સ્ત્રી સંબંધી વાતોને - સ્ત્રી કથાને મૃતક સાથે સરખાવીને તેને નિષ્પ્રાણ ગણી છે. શંકરાચાર્યજી કહે છે. **तासु तेष्वपि अनासक्तः साक्षात् भर्गो नराकृतिः** જે માનવ કંચન અને કામિનીમાં આસકત નથી તે મનુષ્યની આકૃતિમાં પણ સાક્ષાત્ શંકર છે આજ ભાવને વ્યકત કરતાં શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે :-

નીરખીને નવયૌવના, લેશ ન વિષય નિદાન,

ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.

મનુષ્યને આપેલું આ બિરૂદ ખરેખર ખુબજ વિશિષ્ટ છે ત્રીજો નંબર કામનાનો છે. કામનામાં મુખ્યત્વે વિષયેચ્છા હોય છે. વિષ અને વિષય વચ્ચે માત્ર એક જ અક્ષરનો ફેર છે. વિષ કરતાં વિષય વિશેષ હાનિકારક છે. કારણ ઝેર પીવાથી મૃત્યુ એકવાર થાય છે જ્યારે વિષયો અનેકવાર મારે છે. જ્ઞાની પુરૂષોનું આ વિશ્લેષણ આત્મહિત માટે ખુબજ ઉપયોગી છે.

१२

कार्यं च किं ते परदोषदृष्टया ?
कार्यं च किं ते परचिन्तया च ?
वृथा कथं खिद्यसि बालबुद्धे !
कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥१२॥

What is the need to focus attention
On others' wrongs; without any reason ?
How can others be your responsibility?
How can their deeds cause you anxiety ?
What anyone else does is none of your business
Why this disgust, then why this distress ?
O child - like being ; shun everything else -
And fulfil your duty to your own 'Self'!

(12) EXPLANATION :

A potential self-attainer who has just set out on his spiritual path, is here forewarned against three probable pitfalls : (1) Tendency for fault - finding, (2) Anxiety for the well - being of others and (3) Frustration with wrong - doing of the world. One who seeks self - realisation must focus on doing his duty towards the 'Self' rather than remaining pre-occupied with the world.

શ્લોકાર્થ :

(હે આત્મન્) તારે બીજાના દોષ જોવાનું શુંકામ છે ? અને પારકી પંચાત કરવાનું પણ શું પ્રયોજન છે ? અરે મૂર્ખ ? ફોગટ શા માટે તું દુઃખી થાય છે ? તું તારૂ આત્મહિત કર અને બીજું બધું છોડી દે. (૧૨)

ભાવાનુવાદ :

પારકાંના દોષોનું દર્શન અને પારકી પંચાત છોડીને હે આત્મન્ ? તું આત્મલક્ષી બન. તું તારૂં હિત સાધી લે.

જ્યારે તું બીજા તરફ એક આંગળી ચીંધે છે ત્યારે તારા હાથની બીજી ત્રણ આંગળી તારી સન્મુખ હોય છે એ બતાવે છે કે તારામાં કેટલાં દોષો અવગુણો છે તેને કેમ જોતો નથી ?

એકવાર સોંય અને ચારણી વચ્ચે સંવાદ થયો. ચારણીએ સોંયને કહ્યું કે - તારે માથે તો કાણું છે ત્યારે સોંયે જવાબ આપ્યો કે - બેન ? તું પહેલાં જો કે તારે માથે કેટલા છિદ્રો છે ?

દુર્જનની દષ્ટિમાં પારકાની સરસવ જેટલી નાની ભૂલ પણ મોટી દેખાય છે જ્યારે પોતાના પર્વત જેટલાં દોષો તરફ તે આંખ આડા કાન કરે છે.

खलः सर्षपमात्राणि परछिद्राणि पश्यति ।
आत्मनः बिल्वमात्राणि पश्यन्नपि न पश्यति ।।

અન્ય એક કવિ કહે છે.

बूरा जो देखन मैं चला, बूरा न देखा कोय ।
जो दिल ढूंढा आपणो, मुजसा बूरा न कोय ।।

આ વાત અક્ષરશઃ સાચી છે. દોષ-દષ્ટિ થી સર્વત્ર દુર્ગુણો જ દેખાશે જયારે ગુણ-દષ્ટિથી ગુણો જોવા મળશે. જેવી દષ્ટિ તેવી સૃષ્ટિ. ઉપવનનું કામ સુગંધ આપવાનું છે જયારે ઉકરડો દુર્ગંધ ફેલાવે છે.

એજ રીતે પર નિંદાનું પાપ પણ એટલુંજ નુકશાન કર્તા છે. પોતાની જિહવાથી પારકાની અશુચિ ઉલેચવાનું નિંદનીય કામ કોણ કરે ? જગતમાં સત્કાર્યો કરનારા કદાચ ઘણાં મળશે પરંતુ કોઈને માટે તેની પીઠ પાછળ સારૂં બોલનારા કે સારો અભિપ્રાય આપનાર વિરલ જ મળશે.

બે પંડિતો એકવાર એક યજમાનના મહેમાન બન્યા. યજમાને બે પંડિતોના એક બીજાને માટેના અભિપ્રાય જાણી લીધો પછી મધ્યાહ્‌ને ભોજન પીરસતી વખતે તેમના ભાણામાં એકને ભૂસું અને બીજાને ઘાસ પીરસ્યું તેથી બંને પંડિતો ચોંકી ઉઠયા. યજમાને ખુલાશો કર્યો કે તમે જ એકબીજાને ગધેડો અને બળદ બનાવ્યા છે તો તમારે યોગ્ય જ ભોજન પીરસ્યું છે. બંને પંડિતોને પોતાની ભૂલ તુરત સમજાઈ ગઈ.

આ શ્લોકમાં ઉપયુક્ત 'परचिंता' શબ્દનો ભાવાર્થ એ પણ છે કે કદાચ તમે બીજાને સુધારવા માંગો છો કે તેમને ધર્મ માર્ગે લાવવા ઈચ્છો છો પરંતુ ત્યારે જો તમને નિષ્ફળતા મળે તો એ આગ્રહ છોડીને તું તારા હિતમાં લગી જા. શા માટે નિરર્થક દુખી થાય છે ?

''माध्यस्थ्यभावं विपरीत वृत्तौ, सदा ममात्मा विदधातु देव !'' આચાર્યશ્રી અમિતગતિ કહે છે કે - વિપરીત કે વિભિન્ન વૃત્તિ કે પ્રવૃત્તિ દેખાય ત્યારે હે આત્મન્ ? તું માધ્યસ્થ્યભાવ ધારણ કરજે. આ ભાવના દ્વારા તારૂં અને બીજાનું કલ્યાણ કરી શકાય છે.

१३

यस्मिन् कृते कर्मणि सौख्यलेशो,

दुःखानुबन्धस्य तथाऽस्ति नान्तः ।

मनोऽभितापो मरणं हि यावत्,

मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ॥१३॥

What good is that deed, that activity -
Which generates only a grain of gaiety ?
And causes a bond - unbreakable and endless,
Instead, with worldly unhappiness,
And subjects a being to agony of mind
To go through a gruelling and gradual grind
Tell me, which fool, which mindless being
Spends all his life in such a doing ?

(13) EXPLANATION :

Right conduct is as significant in spiritual aspiration as Right knowledge is. Right conduct leads to true and lasting happiness. Wrong conduct may bring joy in the short - run, but it causes an endless bond with future misery. The shadows of one's own sins chase man till death and subject him to lifelong mental torture. To waste one's entire life - time in such wrong - doing is, indeed foolishness.

શ્લોકાર્થ :

જે કાર્ય કરવાથી સુખ લેશમાત્ર મળે અને દુ:ખની પરંપરા વણથંભી ચાલ્યા કરે અને મૃત્યુ પર્યન્ત માનસિક ક્લેશ થાય તેવું કાર્ય કોઈ મૂર્ખ માણસ પણ કરતો નથી. (તો પછી વિદ્વાન તો કરે જ શી રીતે ?) (૧૩)

ભાવાનુવાદ :

તત્વાર્થસૂત્રની ''સંબંધ કારિકા'' માં વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિ ભગવાને ૬ પ્રકારના પુરૂષોની કક્ષા બતાવી છે.

૧. અધમાધમ ૨. અધમ ૩. વિમધ્યમ ૪. મધ્યમ ૫. ઉત્તમ ૬. ઉત્તમોત્તમ

આ ક્રમ ઉત્તરોત્તર શ્રેષ્ઠ બનતો જાય છે. મુખ્યત્વે તો અધમ, મધ્યમ અને ઉત્તમ છે. તેના જ બીજા ત્રણ પેટા વિભાગ છે. આ દષ્ટિએ જોઈએ તો આ લોક અને પરલોકમાં દુ:ખી થવાય તેવું અહિત આચરણ કરનાર મૂર્ખ શિરોમણી છે. ઉપરાંત જેમાં સુખની માત્રા અતિઅલ્પ અને અલ્પકાલીન હોય તેમજ દુ:ખ દીર્ઘકાલીન ભોગવવું પડે તેવું કાર્ય સુજ્ઞ માણસે કરવું ન જોઈએ. જે પાપકાર્ય કર્યા પછી મનમાં તેનો પરિતાપ – વેદના રહે અને જીવનભર તેનો પશ્ચાતાપ થાય તેવું કાર્ય પણ કરવું ન જોઈએ. છલ, પ્રપંચ, તથા ગર્ભપાત, આપઘાત, જેવાં ગુપ્તપાપો ભલે બીજા ન જાણે પરંતુ પોતે તો તેનો સાક્ષી છે જ. તેનો ડંખ માણસને હમેંશા સતાવ્યા કરે છે. માટે જ ધર્મ હમેંશ શલ્યથી રહિત હોવો જોઈએ.

१४

यदर्जितं वै वयसाऽखिलेन,
ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।
क्षणेन सर्वं प्रदहत्यहो ! तत्,
कामो बली प्राप्य छलं यतीनाम् ॥१४॥

Such finer fruits which ascetics desire -
And after an entire lifetime - acquire ;
'Self - meditation' as also 'penance',
'Knowledge' and attainment of 'Real Essence'
Are all burnt to ashes instantaneosly,
Collectively, completely and very cunningly,
By 'Kama, the God of sensual longing,
Oft cleverly disguised as a beautiful earthling.

(14) EXPLANATION :

This verse shows how the power of lust can cause the spiritual ruin of a being. Kama, the God of love and lust often deceitfully robs great ascetics of the finest of fruits of all their spiritual aspiration. The 'self-meditation' 'penance', 'right knowledge' and 'Truth' attained by them after painstaking and persistent effort are all burnt down by lust in an instant.

શ્લોકાર્થ :

જે મુનિએ જીવન પર્યન્ત સાધના કરીને ધ્યાન, તપ, જ્ઞાન, સત્ય વગેરે જે સંપાદન કર્યું હોય તે બધુંજ ક્ષણવારમાં આ પ્રબળ કામદેવ (વાસના) તક જોઈને (બહાનું શોધીને) ભસ્મીભૂત કરી નાંખે છે. (૧૪)

ભાવાનુવાદ :

ભારતીય દર્શનમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ - ચાર પુરૂષાર્થ માનવામાં આવ્યા છે તેમાં 'કામ' નો પણ સમાવેશ થાય છે. એટલે આ દષ્ટિએ જોતાં 'કામ' એ પુરૂષાર્થનું એક અંગ ગણી શકાય. તેની ઉપેક્ષા ન કરાય તેમ તેને વિકૃત પણ ન કરાય 'કામ' એ ગૃહસ્થધર્મનો પાયો છે. તે વિના પુરૂષાર્થ પાંગળો છે.

કવિઓની ભાષામાં 'કામ' ને 'કામદેવ' રૂપે ઓળખાવ્યો છે. તેને શરીર ન હોવાથી 'અનંગ' પણ કહ્યો છે. છતાં તે અત્યંત બળવાન છે કારણ કે તે મનોવિકાર રૂપ હોઈ સૂક્ષ્મ છે. આગમસૂત્રોની ટીકામાં કહ્યું છે :-

काम? जानामि ते मूलं, संकल्पात् किल जायसे ।
अतोऽहं न करिष्यामि ततो मे न भविष्यसि ॥

હે કામદેવ! હું જાણું છું કે - પહેલાં તારો જન્મ મારા મનમાં થાય છે - એટલે ઉદ્ભવે છે માટે જ કવિઓ તને 'मनसिज' કે 'मन्मथ' કહે છે તે સત્ય છે. ભર્તૃહરિએ શૃંગાર શતકમાં કામદેવ માટે વિશેષ શબ્દપ્રયોગ કર્યો છે. "મકરધ્વજ" અને "કુસુમાયુધ". "**तस्मै नमो भगवते कुसुमायुधाय** "

પણ તેથી શું ? હે કામદેવ જો હું તારો વિચાર જ નહિં કરૂં તો તારૂં કોઈ અસ્તિત્વ જ રહેતું નથી. મનોવિજ્ઞાનની દષ્ટિએ આ વાત અનુભવગમ્ય પણ છે. આ કામદેવને પરાજિત કરવા સંયમી જૈન સાધુઓ માટે બ્રહ્મચર્યની નવ વાડ (મર્યાદા વિશેષ) નું ઉલ્લંઘન ન કરવા સાવચેતી રાખવા કહ્યું છે. કામોદ્દીપક દશ્યો ન જોવા કે અતિપૌષ્ટિક આહાર ન લેવો વગેરે છતાં પણ આ કામદેવ ચોર ની જેમ ગુપ્ત રીતે પ્રવેશીને મહાન કહેવાતા તપસ્વી, ઋષિ, મુનિઓને ક્યારેક પદભ્રષ્ટ કરી નાંખે છે. અને આખી જીંદગીમાં મહાપ્રયત્ને ઉપાર્જિત કરેલી પ્રતિષ્ઠા, તપશ્ચર્યા, સાધના, આરાધના, જ્ઞાન વગેરેને પળવારમાં જ જમીનદોસ્ત કરી દે છે. ભલભલા માન્ધાતા અને મહાત્માઓ પણ કામદેવની અડફેટમાં આવી ગયાના અહિં કેટલાંક બોલતાં પૂરાવા રજૂ કર્યા છે.

- ગણિકાના અર્થલાભને પડકારવા જતાં નંદિષેણ મુનિને આ કામદેવે પછડાટ આપી હતી.
- વિવિધરૂપ કરવાની ચમત્કારિક શક્તિ (Mirecle) ધરાવતાં મુનિ અષાઢાભૂતિને નટકન્યાના બાહુપાશે જકડી લીધા હતા.
- સ્થૂલિભદ્રજીના સિંહગુફાવાસી બંધુ મુનિવરે ગુરૂની આજ્ઞાનો અનાદર કરીને રૂપકોશા રાજનર્તકીને પ્રતિબોધ કરવા જતાં પોતે જ પરાજિત થઈ ગયા હતા.
- અને સાધ્વી રાજીમતીને ગુફામાં નિર્વસ્ત્ર જોતાં જ રથનેમિએ અનુચિત માંગણી (ઑફર) મૂકી હતી. પરંતુ શાસ્ત્રોએ તેમના જય-પરાજય બન્નેની નોંધ લીધી છે.

અહિં આ જાણવું રસપ્રદ થશે કે - મનુસ્મૃતિ આ અંગે કડક આદેશ જારી કરે છે. નૈષ્ઠિક બ્રહ્મચારીએ સ્ત્રી સાથે સંભાષણ કરવું નહીં, સ્મરણ કરવું નહી અને મુખદર્શન પણ ન કરવું. મનુસ્મૃતિમાં આ પ્રમાણે ઉલ્લેખ મળે છે કે

मात्रा स्वस्त्रा दुहित्रा वा, नैकशय्यासनो भवेत् ।
बलवान् इन्द्रियग्रामो, विद्वांसमपि कर्षति ॥

ઈન્દ્રિયો નો સ્વભાવ સામાન્ય રીતે નિરંકુશ હોય છે. તે ક્યારે દગો દેશે તે કહેવું મુશ્કેલ છે. તે વિદ્વાનને પણ છોડતી નથી. માટે પોતાની સગી માતા, ભગિની-બહેન, કે પુત્રી સાથે એકાંતમાં એકસ્થાને બેસવું કે રહેવું નહીં.

એ નિર્વિવાદ છે કે - કુદરતના ક્રમમાં આ વાતનો ઈન્કાર કરી શકાય તેમ નથી.

बलादसौ मोहरिपुर्जनानां,
ज्ञानं विवेकं च निराकरोति ।
मोहाभिभूतं हि जगद्विनष्टं,
तत्त्वावबोधादपयाति मोहः ॥१८॥

Delusion; a man's most mighty enemy,
With all of its force and all its fury-
Destroys his knowledge, all his 'inner light',
His power to seperate the 'wrong' from the 'right'
Having been overcome by such a delusion-
The world turns blind to self destruction,
But one's delusion disappears suddenly
On knowledge of the Essential Reality.

(15) EXPLANATION :

Lust nullifies all one's accomplishment. However the root cause of lust is delusion. This verse deals with the ill - effects of delusion and points to its cure. Delusion (1) destroys knowledge and wisdom and (2) leads the world to self-destruction.

This age - old delusion however, disappears suddenly when one realises the 'Essential Reality' i.e. the true nature of things.

શ્લોકાર્થ :

આ મોહરૂપી શત્રુ બળાત્કારે પ્રાણીઓમા જ્ઞાન અને વિવેક ગુણનો નાશ કરે છે. વળી મોહથી પરાજિત આ જગત વિનાશ પામ્યું છે આવો મોહ તત્વના વિશિષ્ઠ અવબોધથી નષ્ટ થાય છે. (૧૫)

ભાવાનુવાદ :

મોહ ને મોહરાજા તરીકેનું બિરૂદ અપાયું છે. કારણકે તેની શક્તિ, સામર્થ્ય બીજા કર્મો કરતાં વિશેષ છે. મોહ-રાજા એ કાંઇ આદરવાચક શબ્દ નથી. કારણ તે શત્રુપક્ષનો રાજા છે. એટલા માટે તેને આભ્યંતર શત્રુ કહ્યો છે. જે માલિકના ઘરમાં રહીનેજ માલિકનું નુકશાન કરે છે. બહારના શત્રુઓને સહેલાઈથી જીતી શકાય છે પણ ષડ્રિપુને જીતવા દુષ્કર છે.

શત્રુના સૈન્યની છાવણીનું સંચાલન આ મોહરાજા કરે છે અને બળ જબરીથી જીવોના જ્ઞાન અને વિવેક ગુણનો નાશ કરે છે. મોહરાજાએ આખા

જગત ઉપર ઘેરો ઘાલ્યો છે તેની લપેટમાં ભલભલા ભડવીરો આવી જાય છે. મોહને જિતવાનો એક માત્ર સફળ માર્ગ છે. તત્વનું પરિજ્ઞાન આદિ શંકરાચાર્ય કહે છે - ''ज्ञाते तत्वे कः संसारः ?'' અર્થાત્ એકવાર તત્વ જાણી લીધા પછી સંસાર ટકી શકતો નથી. તેનું પરિબળ ક્ષીણ થઈ જાય છે. મોહ-વિજયની આ ગુરૂચાવી છે. પ્રકાશ થવાથી જેન અંધકાર ટકી શકતું નથી એજ રીતે હૃદયની ભીતરમાં તત્વાવબોધનો અરૂણોદય થતાં જ મોહના સામ્રાજયનો અંત આવે છે.

१६

सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति,
दुःखस्य नाशाय सुखस्य हेतोः ।
तथापि दुःखं न विनाशमेति,
सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ॥१६॥

Always, everywhere, all activity,
And all endeavour of hummanity,
Is for destruction of wordly distress,
And for the purpose of gaining happiness,
Yet, it is seen that there is no end -
To unhappiness found at every bend,
No one, anywhere, is ever able -
To obtain happiness lasting and stable.

(16) EXPLANATION :

Attainment of lasting and stable happiness is the aim of all wordly activity. But all worldly achievements like acquisition of wealth, physical beauty and strength, sensual pleasures or political power fail to uproot man's agony permanently. Thus all worldly activity is meaningless to him who is in search of genuine bliss.

શ્લોકાર્થ :

(આ જગતમાં) સર્વઠેકાણે સદાકાળ સર્વ પ્રાણીજગતની પ્રવૃત્તિ દુ:ખના નાશ માટે અને સુખની પ્રાપ્તિ માટે જ હોય છે છતાં પણ દુ:ખ નાશ પામતું નથી અને સુખ કોઈનેય સ્થિરતાને પામતું નથી. (૧૬)

ભાવાનુવાદ :

આ સંસારનું એક સનાતન સત્ય અહિં રજૂ કરાયું છે.

દુ:ખનો નાશ અને સુખની પ્રાપ્તિનો શાશ્વત ઉપાય શું ? સંસારના આ બહુચર્ચિત અને સળગતા પ્રશ્નનો આજ સુધી ઉકેલ આવ્યો નથી. જ્યાં સુધી દુન્યવી, પાર્થિવ, ભૌતિક સુખ-દુ:ખનો પ્રશ્ન છે તે માટે અનાદિકાળથી આજ સુધી સુખપ્રાપ્તિ અને દુ:ખ મુક્તિના પ્રયત્નો થતાં જ આવ્યા છે. થાય છે. તેમજ ભવિષ્યમાં પણ થશે.

અત્રે શ્લોકમાં ઉપયુક્ત **सर्वत्र, सर्व, सदा,** અને **सर्वथा**નો શબ્દ-પ્રયોગ સમજવા જેવો છે. આ પ્રવૃત્તિનું કાર્યક્ષેત્ર ઘણુંજ વિસ્તૃત છે. અનાદિકાલીન છે. કીડીથી કુંજર સુધી, રંકથી રાજા સુધી કે પછી સૂક્ષ્મ કે બાદર સજીવસૃષ્ટિ પ્રયત્નશીલ છે છતાં એ કહેવાતું સુખ સદાકાળ કોઈને ટક્યું નથી અને

દુઃખનો અંત આવ્યો નથી તેનું કારણ શોધવું જ રહ્યું ? આનું રહસ્ય આર્ષદૃષ્ટાઓએ શોધી કાઢયું છે.

જગતમાં કાર્ય અને કારણનો એક સનાતન નિયમ ચાલે છે. સુખ અને દુઃખ એ કાર્ય છે. એટલેકે પરિણામ (Result) છે. તેનું સર્જન પ્રાણીના ધર્મ અને અધર્મના પર્યાયરૂપ પુણ્ય અને પાપના કારણે થાય છે. એક ચિંતકે કહ્યું છે કે - ‘‘માણસને ફળરૂપ સુખ જોઈએ છે પણ એ ફળ જે વૃક્ષ ઉપર ઉગે છે તે ધર્મવૃક્ષની કાળજી લેવી નથી કે માવજત કરવી નથી. એજ રીતે પાપના પરિણામરૂપ દુઃખ કોઈને જોઈતું નથી છતાં ૧૮ પાપસ્થાનકોનું સેવન છોડવું નથી. આ આશ્ચર્યજનક છે.’’ આ કાર્ય-કારણની ઘટમાળને રોકવાનું નામ છે ‘સંવર’. આ સંવરભાવનો સ્વીકાર કરવો જોઈએ.

ઉપશમ, વિવેક અને સંવર આ શબ્દત્રિપુટીએ જ મુનિ ચિલાતી પુત્રને પાપથી બચાવી લીધાં હતા. આ સંવરના વિચાર-વિમર્શ-વિનિયોગ ધ્યાનનો જ મહિમા છે. જ્યારે સંત કબીરે આ પરિસ્થિતિને તદ્દન જુદો જ વળાંક આપીને આ રીતે રજૂ કરી છે.

‘‘સુખિયા સબ સંસાર હૈ, ખાવે ઔર સોવે,

દુઃખીયા દાસ કબીર હૈ, જાગે ઔર રોવે.’’

સુવિચારની આ કેડી પણ આપણને ગંતવ્યસ્થાને લઈ જવા કાંઈક સંકેત તો કરે જ છે.

१७

यत् कृत्रिमं वैषयिकादिसौख्यम्,
भ्रमन् भवे को न लभेत मर्त्यः ?
सर्वेषु तच्चाधममध्यमेषु,
यद् दृश्यते तत्र किमद्भुतं च ॥१७॥

Going through cycles of mundane existence,
Which mortal does never come to experience -
Sensual, wordly pleasures - unreal,
Unlasting, unnatural and incidental ?
All beings - whatever their spiritual stature
The lowest of lowly and the mediocre
Are seen to be enjoying wordly happiness
What wonder is it then, if you too possess ?

(17) EXPLANATION :

Renunciation of all worldly activity is indirectly advised in this verse. Firstly, it analyses the basic nature of worldly pleasures that are (1) sensual and (2) artifical. Secondly, it enlists the kind of beings that enjoy these sensual pleasures. All beings, irrespective of their spiritual stature, whether they are (A) lowly (B) mediocre or (C) sublime, do happen to enjoy sensual pleasures. Thus, a being cannot be assumed to be genuinely happy only on the basis of the sensual pleasures he enjoys.

શ્લોકાર્થ :

આ સંસારમાં પરિભ્રમણ કરતા જીવને કૃત્રિમ-અસ્થાયી એવું પાંચ ઈન્દ્રિયોના વિષયોનું સુખ કયાં નથી મલ્યું ? (મલ્યું જ છે). આ કહેવાતું સુખ તો સર્વ અધમ અને મધ્યમ પ્રકારના લોકમાં પણ જોવા મળે છે. તેમાં શું આશ્ચર્ય છે ? (૧૭)

ભાવાનુવાદ :

જ્ઞાની પુરૂષોએ ઈન્દ્રિયજન્ય વૈષયિક સુખને કૃત્રિમ - Artificial કહ્યું છે. અર્થાત હકીકતમાં નથી માત્ર સુખાભાસ છે. ઝંઝવાના નીર જેવું છે. જમતી વખતે સ્વાદમાં સુખ લાગ્યું પણ તે તે જ્યારે રોગમાં પરિણમે છે ત્યારે દુ:ખનો અનુભવ થાય છે. જાતીય સુખનો પણ એવો જ કરૂણ - દારૂણ અંજામ આવે છે. આ કહેવાતું સુખ મળવું કાંઈ મુશ્કેલ નથી. તે તો હીન - નીચ અને મધ્યમ - સાધારણ જાતિમાં પણ ઉપલબ્ધ છે તેનું કોઈ વિશેષ મહત્વ નથી.

અને ઉત્તમકુળમાં તો આ સુખ જન્મજાત મળે છે. ધનાઢય પરિવારમાં જન્મ લેનાર બાળક આવા સુખનો જન્મથી જ હક્કદાર બને છે. પ્રશ્ન તો છે - પુણ્યરાશિથી મળેલી આ સામગ્રીનો કેટલો સદુપયોગ થાય છે ? એજ આશ્ચર્યકારી ઘટના છે. આથી જ બેસતા વર્ષના નૂતન પ્રભાતે શાલિભદ્રના વૈભવની અને અભયકુમારની બુધ્ધિની માંગણી કરવામાં આવે છે.

१८

क्षुधातृषाकामविकाररोष-
हेतुश्च तद्भेषजवद्वदन्ति ।
तदस्वतन्त्रं क्षणिकं प्रयासकृत्,
यतीश्वरा दूरतरं त्यजन्ति ॥१८॥

Root causes for instincts of hunger and thrist,
And passions like anger and instinct for lust,
Such wordly objects that always do allure
And fan inner fires, are deemed as a cure -
By beings blindfolded and bound by ignorance,
But supreme sages shun them from a distance,
Knowing that they are contingent, transient
And are on human endeavour dependent.

(18) EXPLANATION :

After explaining the futility of worldly activity in verse 16 and the insignificance of worldly pleasures in verse 17, the poet now presents the contrast in the view - points of ordinary men and true ascetics towards objects of wordly pleasures.

Worldly beings, ignorant of the true nature of things, consider worldly objects as a cure to craving. They fail to realise that these objects may satiate their desires and pacify their passions in the short run but ultimately end up only intensifying them.

'Yatis' or saintly seekers, on the hand, know that wordly pleasures are (1) contingent (dependent on external factors like fate), (2) transient and (3) endeavour - oriented (they can be attained by conscious effort) Knowing this, true ascetics shun all objects of wordly pleasures.

શ્લોકાર્થ :

ક્ષુધા, તૃષા, કામનો આવેગ, ક્રોધનો આવેશ, વગેરેના કારણોને વિષયલુબ્ધ જીવો ઔષધ જેવા માને છે. પરંતુ તે ક્ષુધાદિક શમાવવાના કારણરૂપ ઉપાયો પરાધીન છે. ક્ષણિક છે, અને પ્રયત્નસાધ્ય છે. તેથી તેને યોગીપુરૂષો અત્યંત દૂરથી જ તેનો પરિત્યાગ કરે છે. (૧૮)

ભાવાનુવાદ :

ભૂખ અને તૃષા એ શરીરનો આવેગ છે. ક્રોધ, અને કામવિકાર એ મનનો આવેગ છે. આ બધાં શરીર અને મનના વિકારો છે. વિકૃતિ છે, રોગ છે. આ રોગને નાબૂદ કરવાનું ઔષધ જ્ઞાનીઓની નજરમાં તેનું પાલન-પોષણ નહીં પણ તેનું શોષણ છે. એટલે કે આત્મસંયમ છે. કેટલાંક લાલચુ

- આસક્ત માણસો એવું માને છે કે ભૂખ લાગી છે તો તે ખાવાથી દૂર થશે. તૃષા લાગી છે તો પાણી પીવાથી મટી જશે. પણ જ્યારે તેઓ ભક્ષ્ય - અભક્ષ્ય, ખાદ્ય-અખાદ્ય, પેય-અપેયનો વિવેક ખોઈ બેસે છે અને ગમે તે ગમેત્યારે ખાવા માંડે છે ત્યારે તે રોગનો શિકાર બને છે. અને તેની પશુવૃત્તિ પાંગરે છે. મૈથુન રૂપ કામભોગની ઈચ્છા બાબત પણ જ્ઞાનીઓનો દૃષ્ટિકોણ વિષયભોગથી વિરક્ત થવાનો છે. શરીર-મનના આવેગોને આધીન થવાથી કે તેને તૃપ્ત કરવાથી તો તે શાંત થતાં નથી બલ્કે જોરથી ભભૂકે છે. એમ આર્ષદૃષ્ટાઓની એકસરખી સર્વાનુમતે માન્યતા છે

न जातु कामाः कामानां, उपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव, भूय एवाभिवर्धते ॥

વિષયોનાં ઉપભોગથી ઈચ્છાઓ કદી તૃપ્ત થતી નથી પણ તે વધે છે. અગ્નિમાં ઘીની આહુતિ આપવાથી અગ્નિ જેમ વધુ પ્રજ્વલિત બને છે.

એજ રીતે ક્રોધાદિ સામે જીતવાનો સર્વશ્રેષ્ઠ માર્ગ શત્રુને ક્ષમા બક્ષવાનો છે. તલવાર સામે બચવા માટે ઢાલ જ જોઈએ. તેમ અહિં પણ સમજવું વિકારોને જીતવા માટે તેના પ્રતિપક્ષી ઉપાયો જ કામયાબ નીવડી શકે. આ દૃષ્ટિએ યોગીશ્વરો-યતીશ્વરો ક્ષુધા, તૃષાને તૃપ્ત કરીને નહીં પણ તપશ્ચર્યાથી તેની ઉપર વિજય મેળવે છે.

અબ્રહ્મરૂપ મૈથુનેચ્છા ઊપર બ્રહ્મચર્યના પાલનથી વિજય મેળવે છે અને ક્રોધને ક્ષમાથી જીતે છે. આ ઉપાયો સ્વાધીન, શાશ્વત અને સહજ છે માટે જ યતીશ્વરોનો આ સાધનામાર્ગ અલૌકિક અને સર્વશ્રેષ્ઠ છે.

१९

गृहीतलिङ्गस्य च चेद्धनाशा,
गृहीतलिङ्गो विषयाभिलाषी ।
गृहीतलिङ्गो रसलोलुपश्चेद्,
विडम्बनं नास्ति ततोऽधिकं हि ॥१९॥

A hermit who holds in his heart hidingly
A hope for riches, which are wordly, unholy,
A man in the mask of a mendicant who
Desires sensual pleasures all through,
One who possesses all symbols of sainthood,
But favours the flavours of forbidden food
Is indeed the picture of great irony,
His monkhood is world's most mindless mockery.

(19) EXPLANATION :

The guidance of True Guru is one of the most essential elements which lead to liberation. Here, the inner tendencies of an Untrue Guru are explained to enable a seeker to correctly identify a True Guru. A pseudo-saint inwardly clings to (1) thrist for wealth (2) desire for sensual pleasures and (3) craving for forbidden food.

His monkhood is a mockery because his outward chastity is not accompained by inner purity.

This verse calls upon a seeker to cultivate true detachment and right renunciation before initiation to monkhood.

શ્લોકાર્થ :

મુનિવેશ પરિધાન કર્યા પછી પણ જો ધન-સંચયની તૃષ્ણા હોય, કે ઈન્દ્રિયોના વિષય સેવનની અભિલાષા હોય કે પછી સ્વાદેન્દ્રિયની લોલુપતા હોય તો તેના જેવી બીજી અધિક વિડંબના કોઈ નથી. (૧૯)

ભાવાનુવાદ :

ગ્રંથકારે અહિં કટુસત્ય ખૂબ જ હિંમતથી રજુ કર્યું છે. આ ટકોર ખાસ કરીને તો કહેવાતાં વેષધારી મુનિને ઉદ્દેશીને કરી છે. આથીજ આ શ્લોકમાં ત્રણ ત્રણ વાર "**गृहीतलिंग**" શબ્દની પુનરાવૃત્તિ કરી છે. પરંતુ પ્રત્યેક આત્મસાધક મુમુક્ષુઓને લાગુ પડે છે. મુનિ-જીવનના ત્રણ મોટા ભયસ્થાનો

તરફ અંગુલિ-નિર્દેશ કરતાં કહે છે કે-

૧. ધન-સંચયની વૃત્તિ
૨. વિષય-ભોગની અભિલાષા
૩. સ્વાદેન્દ્રિયની લોલુપતા.

આ ત્રિકોણમાં ગ્રંથકારે બીજા અનેક અનિષ્ટોના મૂળ સમાવી લીધા છે.

જો મુનિવેશ ધારણ કર્યા પછી પણ ઉક્ત દોષો યથાવત્ હોય તો તેથી મોટી કોઈ બિટંબના નથી. અર્થાત્ આથી મોટી કોઈ આપત્તિ કે કોઈ કષ્ટદાયક ઘટના નથી. એટલે વાસ્તવિકતા તો વેષ-પરિવર્તનની નહીં પણ વૃત્તિ-પરિવર્તનની છે. આથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં ''**न वि मुंडएण समणो**'' એટલે કે મસ્તકનું મુંડન કે કેશ-લુંચન કરવાથી સાધુ-શ્રમણ થવાતું નથી. એવો સ્પષ્ટ શબ્દોમાં ઉલ્લેખ કર્યો છે.

વિશેષમાં જે ઉક્ત ત્રણે દોષોને લક્ષ્યમાં લઈને કહેવામાં આવ્યું છે તે ગૃહસ્થ-શ્રાવકો માટે હજી કદાચ ક્ષમ્ય છે પણ સાધુ માટે તે અક્ષમ્ય જ ગણાય. જ્ઞાનગર્ભિત વૈરાગ્યથી આ દોષો ટાળી શકાય છે. માટે જ મુમુક્ષુ મુનિએ પ્રયત્નશીલ થવું.

२०

ये लुब्धचित्ता विषयार्थभोगे,
बहिर्विरागा हृदि वद्धरागाः ।
ते दाम्भिका वेषधराश्चधूर्ताः,
मनांसि लोकस्य तु रंजयन्ति ॥२०॥

He who ceaselessly and subconsciously
Longs for all kinds of sensual revelry,
And outwardly unties all wordly strings
And yet to innermost craving who clings,
He, who is in fact 'hypocrisy in person',
A cheat in the garb of a holy human -
Is in essence, just a world - entertainer
And neither a 'seeker' of self nor 'attainer'.

(20) EXPLANATION :

Outward monkhood, unaccompained by inner detachment and discipline, is only a hypocrisy. A being who subconsciously seeks sensual pleasures all the time, while practising outward austerities, is a cheat in the garb of a holy being. Such a person who aims at pleasing the world with his hyprocritical holiness can never attain self - realisation.

શ્લોકાર્થ :

જે મનુષ્યો પાંચ ઈન્દ્રિયોના વિષયભોગ અને ધનના લાલચુ છે છતાં બહારથી વિરાગીનો દેખાવ કરતાં હોય અને ભીતરમાં રાગી છે તેઓ દંભી કપટી, વેષધારી ઠગ છે અને તેઓ (માત્ર) બિચારા ભોળા અજ્ઞાન લોકોને જ ભરમાવે છે અને લોકના ચિત્તને જ રંજિત કરે છે. (૨૦)

ભાવાનુવાદ :

ગ્રંથકારે અહિં એ કહેવાતા વેષધારી મુનિની સખત શબ્દોમાં ઝાટકણી કાઢી છે. તેની પાછળ તેમનો પુણ્ય પ્રકોપ પ્રગટ થાય છે. મુનિવેશ ધારણ કર્યા પછી પણ જો ધનની આસક્તિ છૂટતી નથી કે ઈન્દ્રિયોના વિષયોના ઉપભોગની પિપાસા રહેતી હોય કે પછી સ્વાદિષ્ટ ભોજનની ગૃધ્ધિ હોય તો તેનાથી મોટી કઈ વિટંબના - આપત્તિ હોઈ શકે ?

આમ છતાં પણ ભોળા - ભદ્રિક લોકોનું મનોરંજન કરવા નાટકીય ઢબે જે જીવન જીવે છે તેઓ પાખંડી, વેશધારી, ધૂર્ત-ઠગ અને આત્મવંચક છે. આવું કોને ગમે ?

२१

मुग्धश्च लोकोऽपि हि यत्र मार्गे,
निवेशितस्तत्र रतिं करोति ।
धूर्त्तस्य वाक्यैः परिमोहितानां,
केषां न चित्तं भ्रमतीह लोके ? ।।२१।।

Simple beings, enchanted, misguided,
Become mentally, thoroughly lop - sided
And follow with greatest delight and devotion
The so-called pathway to 'realisation'
For, who falls, not prey to fatal attraction,
Of a sorcerer's most splendid oration?
And once thus deluded, who is capable -
To be in his mind unshaken and stable ?

(21) EXPLANATION :

This verse narrates how men, misguided by pseudo - saints, fall prey to delusion.

Simple - minded worldly beings get easily influenced by the splendour of speech of the so-called chaste beings, who are actually cheats. They devoutly follow the path shown to them by such hyprocritical gurus. Thus misled, they get mentally distracted and lose their spiritual focus.

શ્લોકાર્થ :

લોક સમુદાય લગભગ અજ્ઞાન હોય છે તેથી તેને જેમ દોરીએ તેમ તેનું અનુસરણ કરે છે તેમાંજ રાચે છે. આ જગતમાં ધૂર્ત પુરૂષના વાગ્-ચાતુર્યથી પ્રેરાઈ કોનું ચિત્ત ચલાયમાન થતું નથી ? (૨૧)

ભાવાનુવાદ :

પરંતુ આમ શાથી બને છે ? ગ્રંથકાર આના મૂળમાં જઈને કારણ શોધી લાવે છે. કારણકે લોકસમૂહ લગભગ અજ્ઞાન અને ગતાનુગતિક હોય છે. ધૂર્ત વ્યક્તિ તેનો ગેરલાભ ઉઠાવે છે. તેમને ઉન્માર્ગે દોરી જાય છે. આમ અનર્થોની પરંપરા સર્જાય છે. આર્ષદૃષ્ટાના હૃદયમાં કરૂણા ઉભરાય છે અને જગતના જીવોને આ પ્રલોભનોથી દૂર રહેવા હાથ ઉગામીને ''જાગતા રે જો'' ની ટહેલ નાંખે છે.

મહર્ષિ વેદવ્યાસે પણ આવીજ આંતરવ્યથા પ્રગટ કરતાં કહયું છે:- ''उर्ध्वबाहुः विरौम्येष, न च कश्चिद् श्रृणोति मे''હું હાથ ઊગામીને, બૂમો

પાડીને કહું છું પણ મારૂં કોઈ સાંભળતું નથી.

ઉપનિષદ્‌ની એક પ્રાર્થનામાં કહેવામાં આવ્યું છે કે -

"हिरण्यमयेन पात्रेण, सत्यस्यापिहितं मुखम् ।
तत् त्वं पूषन् ? अपावृणु सत्यधर्माय दृष्टये ॥"

માયા રૂપ સુવર્ણના આવરણથી સત્યનું મુખ આચ્છાદિત છે. આથી હે પૂષન્ - સૂર્યદિવ ? તમે સત્યસ્વરૂપની પ્રાપ્તિ માટે અમારા અજ્ઞાન-અંધકારના પડલો દૂર કરો. દૂર કરો, દૂર કરો.

२२

ये निस्पृहास्त्यक्तसमस्तरागा-
स्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।
संतोषपोषैकविलीनवाञ्च्छा-
स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ॥२२॥

True holy beings, who hold no desire,
Having discarded attachment entire,
To 'Truth' are devoted wholly and solely,
Have dissolved all pride and pomposity,
Whose all in one wish is only nourishment -
Of the sacred spirit of 'self contentment'
Such beings seek genuine joy of the 'Self'
Instead of pleasure of everyone else.

(22) EXPLANATION :

The nature of a truly detached and holy being is described in this verse. True saints are (1) desire-free (2) totally detached (3) devoted to Truth (4) devoid of pride and (5) seekers of self-contentment.

Such beings have no need to please people deceitfully. They only seek genuine bliss, which is in fact the true nature of the 'self', by cultivating spiritual virtues.

શ્લોકાર્થ :

જેઓ નિઃસ્પૃહી છે. જેમને જગતના પૌદ્ગલિક પદાર્થોમાં રાગ કે આસકિત નથી. (ઉપલક્ષણથી દ્વેષ પણ નથી). જીવાદિ તત્વોમાં એકનિષ્ઠા વાળા છે. જે અભિમાની નથી. (નમ્ર છે) જે સંતોષવૃત્તિના પોષણમાંજ મગ્ન છે તેઓ પોતાના મનનું જ રંજન કરે છે પણ લોકોનું રંજન કરતા નથી. (૨૨)

ભાવાનુવાદ :

નાટકમાં વિદૂષકનું પાત્ર હોય છે. તેનું કાર્ય લોકોનું મનોરંજન કરવાનું હોય છે. જેણે માત્ર યેન કેન પ્રકારેણ લોકોનું રંજન જ કરવું છે. તેને સ્વહિતની કે આત્મરંજનની ખેવના નથી તેઓ સાચા અર્થમાં સાધક કે મુમુક્ષુ નથી પણ નાટકીયા છે.

"જનમન રંજન ધર્મનું મૂલ ન એક બદામ" અધ્યાત્મના ક્ષેત્રમાં જનરંજનને કોઈજ સ્થાન નથી. તેમ છતાં ધર્મમાં મનોરંજન પ્રવેશે છે ત્યારે ધર્મ પોતાની ગુણવત્તા ઘટાડે છે.

આજથી થોડા વર્ષ પહેલાના ભૂતકાળમાં ડોકીયું કરતાં જણાશે કે - જ્યારે ધર્મમાં આવી પરિસ્થિતિ ઊભી થઇ ત્યારે ધર્મ પેટપૂર્તિનું સાધન બની ગયો હતો. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મ. આ વાતનો એકરાર કરતાં 'શ્રી સીમંધર સ્વામિના સ્તવનમાં કહે છે કે ' "ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાન મારગ રહ્યો દૂર રે, સ્વામિ સીમંધરા વિનતિ."

સાચા સાધકો આવા સસ્તાં લોકરંજનમાં ન પડતાં આત્મરંજનનો જ આગ્રહ રાખે છે. અહિં આવા સાધકોની સાચી ઓળખાણ આપી છે. જેઓ ઐહિક અને પારલૌકિક બંને પાર્થિવ લાભોથી નિરપેક્ષ છે. રાગ-દ્વેષથી અલિપ્ત છે. તત્વચિંતનમાંજ એક માત્ર રૂચિ છે. જેમણે અભિમાન - અહંવૃત્તિને ઓગાળી દીધી છે. જેઓની નિષ્પાપ જીવન-ચર્યા છે. ઇત્યાદિ ગુણોથી સમૃધ્ધ સાધુ પોતાની સાધનામાં જ દત્તચિત્ત રહે છે.

२३

तावद्विवादी जनरञ्जकश्च,
यावन्न चैवात्मरसे सुखज्ञः ।
चिन्तामणिं प्राप्य वरं हि लोके,
जने जने कः कथयन् प्रयाति ? ॥२३॥

One is involved in debate and discussion,
And pleasing people is his prime concern,
Until he discovers the spiritual bliss
That is absolutely and naturally his
For, who in this world, on discovering,
The Jewel that is 'all wish fulfilling',
Goes on around the entire universe
Foolishly proclaiming his fortune to others?

(23) EXPLANATION :

A wonderful analogy emphasises how invaluable spiritual bliss is, as compared to social approval and worldly glory.

A man tries either to prove his superiority or to entertain others, by indulging in debate and discussion, only as long as he is unaware of the nectareous taste of spiritual bliss. For a man who acquires the 'all-wish-fulfilling' jewel neither seeks any other wealth nor goes on proclaiming his good fortune to others.

શ્લોકાર્થ :

આ જગતમાં જીવ ત્યાં સુધીજ વાદ-વિવાદ કરે છે અને લોકોનું મનોરંજન કરતો રહે છે જ્યાંસુધી તે આત્માનુભૂતિના સુખને જાણતો નથી. શ્રેષ્ઠ (દુર્લભ) એવા ચિંતામણિ રત્નની પ્રાપ્તિ થયા પછી શું કોઈ લોકોને કહેતો (કે બતાવતો) ફરે છે ? (૨૩)

ભાવાનુવાદ :

આત્મહિત સાધવાની વાતના અનુસંધાનમાંજ ગ્રંથકાર કહે છે. આત્મજ્ઞાની કદાપિ ખોટા વાદવિવાદના વમળમાં ફસાતો નથી. તેમ નાટકીય ઢબે લોકરંજન પણ કરતો નથી. પરંતુ તે જ્ઞાનામૃતનું આચમન કરીને સ્વસંવેદનનું સુખ અનુભવે છે. સ્વસુખમાં તૃપ્ત એવો સાધક દુનિયાના બજારમાં પોતાના સુખની હરાજી કરવા જતો નથી. આ મુદ્દાને સમજવા માટે ગ્રંથકારે સુંદર દૃષ્ટાંત આપ્યું છે.

માની લો, કોઈ ભાગ્યયોગે બહુમૂલ્ય ચિંતામણી રત્ન મલી ગયા પછી શું કોઈ ઘરે ઘરે દરેકને બતાવતો ફરે છે ? નહિં જ.

અથવા ગર્ભશ્રીમંત પુરૂષ જેમ પોતાની સંપત્તિનું જાહેરમાં પ્રદર્શન કરતો નથી. બલ્કે તેને સુરક્ષિત રાખે છે અને મનોમન કૃતકૃત્યતા અનુભવે છે.

२४

षण्णां विरोधोऽपि च दर्शनानां,
तथैव तेषां शतशश्च भेदाः ।
नानापथे सर्वजनः प्रवृत्तः,
को लोकमाराधयितुं समर्थः ? ॥२४॥

All the six systems of philosophy
Are found to be mutually contradictory
There are a hundred sub-streams to each one,
Each flowing in quite a different direction,
Folks are thus seen to be following always,
Several religious and righteous ways.
When such chaos is widely prevalent
How can one win universal assent ?

(24) EXPLANATION :

It is impossible to attain universal and eternal agreement in this world. There are six main streams of philosophy which are mutually contradictory, due to the difference in their approach to Truth. Further, each philosophy has several sub-types of its own which have a similar problem. Hence we find people all over the world following different philosophies and religions. In such a situation it is highly improbable that one can win the approval of entire humanity at once. It is therefore better that one concentrates on self-search rather than on fruitless debate and discussion.

શ્લોકાર્થ :

છ દર્શનો (સાંપ્રદાયિક વિચારધારા) પરસ્પર વિરોધી છે. તેના વળી સેંકડો ભેદ-પ્રભેદો છે. લોક સમુદાય જુદા જુદા (ધર્મ, સંપ્રદાયના) માર્ગે રૂચિ મુજબ જઈ રહયો છે. (તે સ્થિતિમાં) સર્વલોકને પ્રસન્ન કરવા કોણ સમર્થ છે ? (૨૪)

ભાવાનુવાદ :

ભારતીય છ દર્શનશાસ્ત્રોની ફિલોસોફી એક બીજાથી જુદી પડે છે તે ઉપરાંત તેના સેંકડો પેટા ભેદો છે. લોક સમૂહ પોત પોતાને મનપસંદ વિભિન્ન માર્ગનું અનુસરણ કરી રહ્યો છે. આ પરિસ્થિતિમાં દરેક ને રાજી કરવા કોણ સમર્થ છે ? અર્થાત્ આ અશકય છે. તો પછી શું કરવું ?

આ પ્રશ્નચિહન મૂકીને ગ્રંથકાર સ્વસન્મુખ બનીને પોતાનું શ્રેય - કલ્યાણ કરવું એ જ યોગ્ય છે એવું અહિં ગર્ભિત પ્રતિપાદન કર્યું છે.

આ જગતમાં અનાદિકાળથી બુધ્ધિ અને શ્રધ્ધા વચ્ચે દ્વંદ્વ ચાલ્યું આવે છે. જ્યાં બુધ્ધિ સમાપ્ત કુંઠિત થઈ જાય છે ત્યાં શ્રધ્ધાનો પ્રારંભ થાય છે. આ સમ્યક્ શ્રધ્ધા જ આસ્તિકતાનો પાયો છે.

મહર્ષિ વેદવ્યાસે આ વિષમતાનું વર્ણન-ચિત્રાણ આ રીતે કર્યું છે :-

**तर्कोऽ प्रतिष्ठः स्मृतयोपि भिन्नाः, नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।
धर्मस्य तत्वं निहितं गुहायां, महाजनो येन गतः स पन्थाः ॥**

તર્ક - અનુમાનના માપદંડથી પ્રશ્નોનું નિરાકરણ કરવું અશકય છે. સ્મૃતિઓ, શ્રુતિઓ, ઉપનિષદો વળી કાંઇક જુદુંજ પ્રતિપાદન કરે છે. પુરાણ કથાઓ પુરાણી થઇ ગઇ છે. ઉપદેશકો - પ્રવચનકારોમાં મતમતાંતર છે એટલે તેમનું પ્રામાણ્ય શંકાસ્પદ છે. ધર્મશાસ્ત્રોનું રહસ્ય આજ સુધી ગુફામાં ગુપ્ત રહ્યું છે. એટલે હવે ઉપાય તરીકે શિષ્ટ-પ્રતિષ્ઠિત મહાજનના માર્ગને અનુસરવું એ જ રાજમાર્ગ છે.

દાર્શનિક જગતની આ અરાજકતા જોઇને અધ્યાત્મ યોગી શ્રી આનંદઘનજી પ્રભુની સ્તુતિમાં આ રીતે નિવેદન કરે છે -

અભિનંદન જિન દરિસણ તલસીએ,
દરિસણ દુર્લભ દેવ,
મત મત ભેદેરે જો જઇ પૂછીએ
સહુ થાપે અહમેવ.

હેતુ વિવાદે હો ચિત્ત ધરી જોઇએ
અતિદુર્ગમ નયવાદ,
આગમવાદે હો ગુરૂગમ કો નહિ
એ સઘળો વિખવાદ.

શ્રીમદ્ રાજચંદ્રજી પણ આવો જ અભિગમ સ્વીકારે છે :-

“રચના જિન ઉપદેશકી, પરમોત્તમ તિનુ કાળ,
ઈનમે સબ મત રહત હૈ, કરતે નિજ સંભાળ”

સમગ્રરીતે જોતાં કહી શકાય કે - આત્મલક્ષી બનીને હે આત્મન્ ? તું તારૂં હિત સાધી લે. એમાં જ તારૂં કલ્યાણ છે.

२८

तदेव राज्यं हि धनं तदेव,
तपस्तदेवेह कला च सैव ।
स्वस्थे भवेच्छीतलताऽऽशये चेत्,
नो चेद् वृथा सर्वमिदं हि मन्ये ॥२८॥

His kingdom is kingdom in reality,
His wealth is a symbol of true prosperity,
His penance as penance is valid and true,
His arts are as arts, successful too -
Who has in his mind, peace on their possession
And a perpetual calm in his intention,
Without this peace, this tranquillity
What holds any value or validity ?

(25) EXPLANATION :

This verse directly points to the fruits of cultivating virtues for 'self-pleasure'. Such virtues lead to a perpetual inner calm and peace of mind. All the worldly possessions like endless wealth and vast kingdoms; artistic accomplishments and spiritual attainments like great penance, have some value or validity as means to true joy, only when one has peace of mind.

શ્લોકાર્થ :

જો તમારા ચિત્તની પ્રસન્નતા છે અને પરિણતિમાં પવિત્રતા છે તો મળેલું રાજ્ય (સત્તા) ધન-સંપત્તિ, તપ-સાધના, કે કળા એ બધું સાર્થક છે અન્યથા તેનું કોઈ મૂલ્ય નથી (એટલે નિષ્ફળ છે) એમ હું સમજું છું. (૨૫)

ભાવાનુવાદ :

"नो चेद् वृथा सर्वमिदं हि मन्ये "-અન્યથા સર્વ નિષ્ફળ છે એમ હું માનું છું" અહિં ગ્રંથકાર ખુબજ આત્મ-વિશ્વાસથી પ્રતિપાદન કરે છે. તેમની આ પ્રતીતિ સ્વયંભૂ છે. કદાચ તમને સારા નશીબે સત્તાનું સિંહાસન મલી પણ ગયું, તમે કદાચ ધન-કુબેર પણ બની ગયા. અથવા તમે સંન્યસ્ત છો અને તપ-જપના શિખરે પણ પહોંચી ગયા છો. કે જીવનની જુદી જુદી વિદ્યાઓ કે કળાઓ પણ હાંસલ કરી લીધી છે પરંતુ જો તમને માનસિક શાંતિ પ્રાપ્ત નથી તો બધું જ નિરર્થક છે માટે આર્ષદષ્ટાઓએ ચિત્તની શાંતિને પ્રાધાન્ય આપ્યું છે.

२६

रुष्टैर्जनैः किं यदि चित्तशान्ति-

स्तुष्टैर्जनैः किं यदि चित्ततापः ? ।

प्रीणाति नो नैव दुनोति चान्यान्,

स्वस्थः सदोदासपरो हि योगी ॥२६॥

What difference it makes if the world is unkind
To him who has peace for ever in his mind?
Can pleasure and praise of all kith and kin
Please him, who is always burning from within?
Yogis, the seekers of the ultimate union
Serene and aloof of the world's opinion,
Nurture for none any worldly affection,
And neither do hurtle harm on anyone.

(26) EXPLANATION :

The two greatest virtues of a true ascetic highlighted here are (1) Serenity and (2) Aloofness. Owing to his serenity and aloofness, a true ascetic remains unaffected by either the anger or the affection of people. He therefore, neither hurts anyone nor holds anyone close to his heart.

શ્લોકાર્થ :

હે આત્મન્ ! જો તારા ચિત્તમાં શાંતિ છે તો લોક નારાજ હોય તો પણ શું? અને જો તારા ચિત્તમાં સંતાપ છે તો લોક રાજી હોય તો પણ શું ? સદાકાળ સ્વસ્થ અને સમભાવી યોગીપુરૂષ બીજાઓને રાજી કરવા નથી પ્રયત્ન કરતા કે નથી દુભવતા. (૨૬)

ભાવાનુવાદ :

સંસારીજન (સ્વજન, સગાં, પરિવાર) અને સાધુજનના ભેદને ઓળખવા માટેની પરિભાષા અહિં જાણાવી છે. તે બંને વચ્ચેનો ભેદ સ્પષ્ટ કર્યો છે. સ્વાર્થને કેન્દ્રમાં રાખીને જીવે તે સંસારીજન અને 'સ્વ' ને કેન્દ્રમાં રાખે તે સાધુજન છે. એટલામાટેજ અહિં 'स्वस्थः' શબ્દ મૂક્યો છે. જે સ્વમાં અર્થાત્ સ્વભાવમાં વસે છે તે સ્વ + સ્થઃ છે. આવો ઉદાસીન વૃત્તિવાળો યોગી કોઈ ને રીઝવતો નથી અને રંજાડતો પણ નથી. બંનેથી પર રહીને યથાશક્તિ પરમાર્થ કરે જાય છે. ''परोपकाराय सतां विभूतयः'' શ્રેય કરવું એ જ સજ્જનોનો મુદ્રાલેખ છે.

જો તમારા ચિત્ત-મનની સ્થિતિ સમતોલ છે. ડામાડોલ નથી તો બીજાના રોષ કે તોષનું બહુ મહત્વ નથી. જો તમારૂં ચિત્ત પ્રસન્ન છે તો બીજાનો ક્રોધ તમારી શાંતિને ખંડિત નહીં કરી શકે ? એજ રીતે તમારૂં મન અંદરના પરિતાપથી પીડીત છે તો બીજાની પ્રશંસા કે પ્રસન્નતા તમારા મનને શાંતિ નહીંજ આપી શકે. માટે સમત્વયોગ જ સાચું વાસ્તવિક સુખ પ્રદાન કરી શકશે.

२७

एकः पापात् पतति नरके याति पुण्यात् स्वरेकः,
पुण्यापुण्यप्रचयविगमात् मोक्षमेकः प्रयाति ।
सङ्गान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्यं,
तस्मोदेको विचरति सदाऽऽनन्दसौख्येन पूर्णः ॥ २७ ॥

One goes to hell or to heaven alone,
Depending on sinful or sacred seeds sown,
And having dissolved all deposits of deeds -
To realm of freedom, all alone he proceeds.
No joy can be found in worldly togetherness,
No being can grant the other happiness,
A holy being who understands this,
Roams always alone, full of inner bliss.

(27) EXPLANTION :

Aloofness is the key to genuine joy. Constant contemplation of one's absolute aloneness helps a man to cultivate true aloofness. This verse reminds one and all that whether in heaven or hell, each being has to face the consequences of his good or bad deeds himself. Besides, no one can cause the ultimate well - being of any other person. Thus worldly togetherness can in no way be instrumental in bringing true bliss in one's life.

True ascetics who know this futility of wordly association, renounce it altogether.

શ્લોકાર્થ :

પ્રાણી (પોતાના) પાપ કર્મ (દુષ્કર્મ) થી એકલો જ નરકમાં જાય છે. અને પુણ્ય (સત્કાર્ય) થી એકલો જ સ્વર્ગે (દેવલોકમાં) જાય છે અને પુણ્ય-પાપ બંને (કર્મપુંજ) નો ક્ષય કરીને એકાકી જ મોક્ષે જાય છે.

બીજાના સમાગમથી સુખ મળતું નથી (એટલે) અન્યની અપેક્ષા રાખવી ન જોઈએ. આથી આત્મિક જ્ઞાનાનંદના સુખથી પરિપૂર્ણ એવો (મુમુક્ષુ) એકાકી જ વિહાર કરે છે. (૨૭)

ભાવાનુવાદ :

અહિં એકત્વભાવનાને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે તેમજ પોતાના પાપ-પુણ્યના પરિણામનો પણ પોતે જ જવાબદાર છે એવું સ્પષ્ટ વિધાન કરાયું છે અહિં જરા પણ પલાયનવાદને સ્થાન નથી.

જૈન દર્શનના કર્મવાદના સિધ્ધાંત મુજબ તું જ તારા સુખ - દુઃખનો કર્તા છે. ભોક્તા અને પરિહર્તા પણ તું જ છે. **"अप्पा कत्ता, विकत्ता य सुहाण य दुहाण य"**

આધ્યાત્મિક દ્રષ્ટિકોણથી સામાજિક - વ્યવહારિક દષ્ટિકોણ થોડો જુદો પડતો જણાય છે કારણ કે તે કુંટુંબ પરિવાર, ફરજ, કર્તવ્યપાલન તરફ વિશેષ ધ્યાન આપે છે પરંતુ છેવટે દરેકે પોતાના આત્મિક હિતાહિતનો વિવેક ભૂલવો ન જોઈએ.

ભગવાન મહાવીરના સમયમાં કાલસૌરિક કસાઈએ પોતાના પરંપરાગત ધંધાને સાચવી રાખવા તેના પુત્રને સમજાવ્યો પરંતુ તેનો ઈન્કાર કરતાં તેણે કહ્યું હતું કે - "શું તમે મારા દુઃખમાં ભાગીદાર બનશો ખરા ?" ત્યારે સૌ કુટુંબીઓ મૌન રહ્યા અને તેની પીડાને કોઇ વહેંચી ન શકયા.

મિથિલા નરેશ નમિરાજર્ષિને જ્યારે શરીરમાં એકવાર અસહય દાહજવર ઉત્પન્ન થયો ત્યારે પલંગ પાસે બેઠેલી રાજરાણીઓ તેમની શાંતિમાટે ઓરસીયા ઉપર ચંદન ઘસી રહી હતી પરંતુ તેમના હાથમાં પહેરેલા સૌભાગ્ય-કંકણનો કોલાહલ અવાજ નમિ રાજર્ષિ સહન કરી ન શકયા ત્યારે રાણીઓએ પોતાના હાથનું એક એક કંકણ ઉતારી લીધું. અવાજ આવતો બંધ થતાં નમિરાજાએ પૂછયું - "શું હવે ચંદન ઘસવાનું બંધ છે ?" ના પ્રભુ ! પણ હવે અમારા હાથમાં માત્ર એક જ કંકણ છે. બસ, નમિરાજર્ષિને હવે શાંતિનું રહસ્ય સમજાઇ ગયું. "જ્યાં દ્વૈત છે ત્યાં દુઃખ છે." છેવટે અદ્વૈતનો વિજય થયો. એકત્વભાવના કહે છે.

"एगोहं, नत्थि मे कोइ, नाहमन्नस्स कस्सई ।
एवमदीणमणुसो अप्पाणमणुसासइ"

હું સ્વતંત્ર આત્મ દ્રવ્ય છું. I Belong to myself. પરપદાર્થથી ભિન્ન છું. મારૂં કોઇ નથી. અને હું પણ કોઈનો નથી. આ રીતે દૈન્યભાવ લાવ્યા વગર ખુમારીથી પોતાની જાતને સમજાવે, શિખામણ આપે, અનુશાસિત કરે.

२८

त्रैलोक्यमेतद् बहुभिर्जितं यै,
र्मनोजये तेऽपि यतो न शक्ताः ।
मनोजयस्यात्र पुरो हि तस्मात्,
तृणं त्रिलोकीविजयं वदन्ति ॥२८॥

Many a men, courageous and mighty,
Who gained over all the three worlds a victory,
Proved ultimately, absolutely unable -
To conquer their own minds; feeble, unstable,
Thus conquest of the Earth, Heaven and Hell
When compared to victory over one's 'self'-
Is petty and inconsequential, alas !
Like the conquest of a blade of grass.

(28) EXPLANATION :

The attainment of liberation is impossible without mental discipline. This verse describes how difficult it is to gain victory over one's own mind, and once this victory is gained, how insignificant all other accomplishments become.

Even he who gains victory over the Heaven, the Hell and the Earth, finds it impossible to conquer his own weak and unstable mind. Hence, to him who gains this ultimate victory, the control over all the three worlds is like the conquest of a grass - blade.

શ્લોકાર્થ :

ત્રણ જગતને જીતનારા પણ મન ઉપર વિજય મેળવવા સમર્થ નથી. તેથી મનોજયની આગળ ત્રણ લોક નો વિજય પણ તૃણતુલ્ય છે. (કારણ કે મોક્ષની પ્રાપ્તિ મનોજયથી જ શકય છે) (૨૮)

ભાવાનુવાદ :

સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ રૂપ ત્રણ જગતને જીતવું કદાચ સરળ છે. કારણ દેવ-દેવેન્દ્રો, ચક્રવર્તી અને રાજા-મહારાજાઓ તે કરી શકે છે. પરંતુ મન ઉપર વિજય મેળવવા તેઓ અસમર્થ છે. મનના વિજયની સરખામણીમાં કહેવાતો આ દુન્યવી વિજય તૃણતુલ્ય તુચ્છ છે.

આર્ષ પુરૂષોનું ચિંતન કહે છે કે - દેવ ગમેતેટલો શક્તિશાળી હોય પણ તે વ્રત-પચ્ચખાણ - પ્રતિજ્ઞા કરી શકતો નથી. આથી જ "વિરતિને પ્રણામ કરીને ઈન્દ્ર સભામાં બેસે" વાળી ઉક્તિ ચરિતાર્થ કરે છે. જગત ઉપર શાસન કરનાર બાદશાહ અકબર કે સમ્રાટ્ સિકંદર જેવા પણ મનોયોગી મહાપુરૂષોના ચરણે નતમસ્તક થાય છે. એટલે એમ કહી શકાય કે બીજા ઉપર વિજય મેળવે તે 'સિકંદર' અને જાતને જીતે તે 'બુદ્ધ'.

२९

मनोलयान्नास्ति परो हि योगो,
ज्ञानं तु तत्त्वार्थविचारणाच्च ।
समाधिसौख्यान्न परं च सौख्यं,
संसारसारं त्रयमेतदेव ॥२९॥

No 'meditation' is ever, more refined
Than complete 'immersion and merger' of mind
No 'knowledge' can ever be deemed superior-
To constant reflection on 'Truth' and its nature,
No worldly joy can stand comparison
To joy that is obtained on 'self absorption'
These three are the sap, the sublime essence
Of all material and mundane existence.

(29) EXPLANATION :

Conquest of the mind is crucial to self-realisation. Knowledge and meditation are respectively the theoretical and the practical arms of spiritual aspiration. This verse therefore, elaborately explains the purest state of right knowledge, meditation and the joy attained thereupon.

Immersion of the mind in self-attention and ultimately the merger of the mind into the self is highest meditation. Constant reflection on substances and their discernment into (1) those to be known (2) those to be owned and (3) those to be disowned, is the ultimate knowledge. Complete absorption of the self within itself is the greatest bliss. These three attainments are the real essence of human existence.

શ્લોકાર્થ :

મનની એકાગ્રતાથી અન્ય મોટો કોઈ યોગ નથી. (નવ તત્વ) રૂપ તત્વાર્થના ચિંતનથી મોટું કોઈ જ્ઞાન નથી. સમાધિના સુખથી વિશેષ મોટું કોઈ સુખ નથી. આ ત્રણ જ જગતમાં સારભૂત છે. (૨૯)

ભાવાનુવાદ :

આ અસાર સંસારમાં સારભૂત ત્રણ ચીજ છે ૧ મનનો વિજય ૨ તત્વનું પરિશીલન ૩ સમાધિ

આર્ષદૃષ્ટાઓએ આજ સુધી 'મન' ઉપર મનન્ ચિંતન અને મીમાંસા કરી છે તે અદ્‌ભૂત છે. અષ્ટાંગયોગમાં મનોજ્ય શ્રેષ્ઠ છે. યોગની ચરમ અને પરમ સીમા છે. છ ખંડની સાધના કરનાર ચક્રવર્તી જગતનો સાચો વિજેતા નથી પણ મનને જિતનાર જ સાચો વિજેતા છે. "मनोविजेता जगतो विजेता" ।

અધ્યાત્મયોગી આનંદઘનજી પણ આ જ કહે છે. ''મન સાધ્યું તેણે સઘળું સાધ્યું, એહ વાત નવિ ખોટી'' ''**मन एव मनुष्याणां कारणं बन्ध-मोक्षयोः**''આપણા સંસાર અને મોક્ષનું મૂળભૂત કારણ પણ આ મન જ છે. મનની આ માયાજાળનો ભેદ પામવો મુશકેલ છે.

(૨) હેય, જ્ઞેય અને ઉપાદેયનું જે જ્ઞાન કરાવે તે જ સમ્યગ્જ્ઞાન છે. તત્વ-પદાર્થની વિચારણા - અનુપ્રેક્ષાથી જ આ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.
(૩) સમાધિના સુખથી બીજું મોટું કોઈ સુખ નથી. પણ આ સમાધિ-સુખ છે શું ! જે મન, ઈન્દ્રિય, પદાર્થથી અતીત-Beyond છે. અથવા સમાધિ શબ્દની એક વ્યુત્પત્તિ પ્રમાણે - **आ-समन्तात् धीयन्ते - स्थाप्यन्ते ज्ञानादायो गुणा आत्मनि अनेन इति समाधि :** આત્માની આ એક સ્થિતિ છે, અવસ્થા છે.

ઉપર્યુકત ત્રણ વસ્તુનો જ્યાં ત્રિવેણી - સંગમ થાય છે તે તીર્થ બની જાય છે.

३०

याः सिद्धयोऽष्टावपि दुर्लभा ये,
रसायनं चाञ्जनधातुवादाः ।
ध्यानानि मन्त्राश्च समाधियोगा
श्चित्ते प्रसन्ने विषवद् भवन्ति ॥३०॥

All eight enormous spiritual powers,
Rarely attainable in this universe,
Medicine enhancing life-longevity,
Magical ointments and metallurgy.
All contemplation and all incantations,
Self-absorption and meditative exertions,
Seem like poison, undersirable and deadly,
Once one's mind is filled with ecstasy.

(30) EXPLANATION :

Even 'eight spiritual powers' and 'nine undiminishing treasures' become meaningless to one who attains the joy of self - absorption.

As one advances in spiritual aspiration, the superhuman potential of the soul becomes manifest in the form of 'eight powers' - like those of 'contraction', 'weight - loss' 'wish - fulfillment', etc. Superlative material objects like wonder - medicines and magic ointments, knowledge of alchemy and powerful chants come under one's control.

But to a true ascetic, who is truly detached and is therefore, truly happy, not only these supernatural powers and possessions but also the craving for the state of self-absorption and meditation, becomes as contemptible as poison.

શ્લોકાર્થ :

દુર્લભ એવી અષ્ટ-મહાસિધ્ધિઓ, કાયાકલ્પ કરનાર રસાયણ, અદૃશ્ય થવાનું અંજન, સુવર્ણસિધ્ધિનો પ્રયોગ (ધાતુવાદ), દેવ-દેવીઓને રીઝવવાની સાધના, વશીકરણ કે ઝેર ઉતારવાના મંત્રપ્રયોગો, અને (ભૂગર્ભમાં લેવાતી) સમાધિ - આ બધું જ ચિત્તની પ્રસન્નતા (તૃપ્તિ) ની આગળ વિષ જેવું ત્યાજય લાગે છે. (અર્થાત્ તેનું કાંઈ મૂલ્ય નથી.) (૩૦)

ભાવાનુવાદ :

જીવનમાં ચિત્તપ્રસન્નતાનું મૂલ્ય સર્વોપરિ છે અધ્યાત્મયોગી શ્રી આનંદઘનજી પણ પરમાત્માની પૂજાના ફલસ્વરૂપે ચિત્તની પ્રસન્નતા જ માંગે છે.

ભર્તૃહરિ પણ આવું જ કાંઈક કહે છે તે તેમના જ શબ્દોમાં જોઈએ :-

वयमिह परितुष्टा वल्कलैस्त्वं दुकूलैः
सम इह परितोषो, निर्विशेषो विशेषः ।
स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे, कोऽर्थवान् को दरिद्रः !

અમે અહિં જંગલમાં વૃક્ષની છાલના વસ્ત્રો પહેરીને સંતુષ્ટ છીએ. ભલે તમને કદાચ રેશમી બહુમૂલ્ય વસ્ત્ર પરિધાન કર્યાનો આનંદ હોય ? અમારો આનંદ અસીમ છે જ્યારે તમારો આનંદ સીમીત અને ક્ષણજીવી છે. દુનિયાની નજરમાં નિર્ધનતાના કારણે લોકો બીજાને દરિદ્ર સમજે છે પરંતુ સાચા અર્થમાં તો જેની આશાતૃષ્ણા મોટી છે - અમર્યાદિત છે તે જ ખરેખર દરિદ્ર ગરીબ છે. જયારે મન તૃપ્ત થઈ જાય છે ત્યારે શ્રીમંત અને દરિદ્રનો વચ્ચેનો ભેદ પણ સમાપ્ત થઈ જાય છે. આજ વાતનું અહિં પ્રતિબિંબ પડતું જોવાય છે.

અણિમા, લધિમા, પ્રાપ્તિ, પ્રકામ્ય, મહિમા, ઈશિત્વ, વશિત્વ તથા ગરિમા જેવી આઠ લબ્ધિઓ કે પછી નૈસર્ગિક, પાંડુક, પિંગલ, સર્વરત્ન, મહાપદ્મ, કાલ, મહાકાલ, માણવક, શંખ જેવા નવનિધાન તેમજ શરીરનો કાયાકલ્પ કરનારૂં રસાયન - ઔષધ, અદશ્ય થઈ શકાય તેવું આંખોનું અંજન, પારા (Mercury) ના પ્રયોગથી લોખંડ કે તાંબાને સુવર્ણમાં રૂપાંતરિત કરવાનો કીમિયો, દેવતાને રીઝવવા માટેની કરાતી પ્રાર્થના (ધ્યાન), સર્પના ઝેરને ઉતારનારા મંત્ર પ્રયોગો, કે પછી ભૂગર્ભમાં રહીને લેવાતી સમાધિ ઈત્યાદિ બધું જ ચિત્તની પ્રસન્નતાની સરખામણીમાં નિરર્થક છે.

ગ્રંથકારના સ્વાનુભવની ભાષામાં કહીએ તો તે વિષ-ઝેરની જેમ મારક છે કારણ કે તે આત્મિક ઐશ્વર્યની પ્રાપ્તિમાં બાધક બને છે માટે સાચા જિજ્ઞાસુ - મુમુક્ષુએ તેનો ત્યાગ કરવો એજ હિતાવહ છે.

३१

विदन्ति तत्त्वं न यथास्थितं वै,
संकल्प-चिंता-विषयाकुला ये ।
संसारदुःखैश्च कदर्थितानां,
स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ॥३१॥

Ignorant of the true, inherent essence
Of all substances found in existence,
Driven by anxiety and by wrong notions,
By sensual cravings and agitations,
Unhappy, unhopeful and helpless humans -
Suffering miseries of mundane existence
Cannot in even their dreams, envision -
The ultimate bliss of Self-absorption.

(31) EXPLANATION :

This verse very clearly states the conditions in which the attainment of blissful 'self-absorption' is impossible.

One can never experience the joy of 'self-absorption' as long as he is (1) ignorant of the Truth in all aspects, (2) agitated by wrong notions, dilemmas, anxiety and lusful longing and (3) unhappy due to the worldly miseries. Such a being cannot, even in his dreams feel ectasy of equipoise.

શ્લોકાર્થ :

જેઓ (શાસ્ત્રોના) તત્વને યથાસ્થિત જાણતા નથી (મનના) સંકલ્પ-વિકલ્પો અને ચિંતામાં જેઓ વ્યગ્ર છે, વિષયોમાં આસકત છે અને સંસારના (ત્રિવિધ) દુઃખોથી દુઃખી છે તેમને સ્વપ્નમાં પણ સમાધિસુખની પ્રાપ્તિ થતી નથી. (૩૧)

ભાવાનુવાદ :

સમાધિના સુખની પ્રાપ્તિ સરળ નથી. આવું સુખ યોગીજનોને તો પ્રત્યક્ષ છે પણ જેમણે હજી આની યોગ્યતાને પ્રાપ્ત કરી નથી તેમને તો સ્વપ્નમાં પણ તે સાંપડતું નથી તો પછી જાગ્રત અવસ્થામાં તો તદ્દન જ અશક્ય છે. સમાધિસુખની ત્રણ શરતો છે.

૧ હેય, જ્ઞેય ઉપાદેય તત્વનું સમ્યક્ જ્ઞાન હોવું જરૂરી છે અથવા શરીર અને આત્માનું ભેદજ્ઞાન હોવું જોઈએ.

૨ સંકલ્પ - વિકલ્પની માયાજાળમાંથી મન મુક્ત જોઈએ તેમજ વિષયોની આસક્તિ ન હોય.

૩ સંસારના દુઃખોથી જે પીડા-ત્રાસ છે આવા દુઃખગર્ભિત વૈરાગ્યવાળો પણ આ સુખને મેળવવા અયોગ્ય સમજવો.

३२

श्लोको वरं परमतत्त्वपथप्रकाशी,
न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय ।
संजीवनीति वरमौषधमेकमेव,
व्यर्थश्रमप्रजननो न तु मूलभारः ॥३२॥

A singular verse, which on recitation -
Illumines the path of 'self - realisation'
Is better than billions of so -called scriptures,
Read for the pleasure of ignorant creatures.
The acquistion of the 'Sanjivani' -
Which restores in beings their life energy,
Is better than accumulation of roots -
Which yield frustration and fatigue as fruits.

(32) EXPLANATION :

This verse provides the master key to spiritual success. It stresses the need for focussed attention and effort in the process of spiritual aspiration. For this, even one single verse, which truly illumines the path of the Ultimate Truth is more than sufficient. Hearing, learning, mental churning, meditation and actualisation of the Truth stated therein, is more fruitful in leading a seeker to liberation rather than perfection of academic knowledge of millions of holy books with an intention to impress people.

The point is emphasised by the analogy of the Sanjivani herb. Heaps of ineffective herbs, painstakingly gathered, are only an unnecessary burden. Not only do they fail to cure the disease, they cause fatigue and frustation.

A single Sanjivani herb, on the other hand, restores life in a dead being. Similarly if one makes a single verse, an integral part of his life, it may become instrumental in his attainment of 'self-realisation'.

શ્લોકાર્થ :

પરમતત્વ મોક્ષમાર્ગ પ્રકાશિત કરનાર એવો એક જ શ્લોક પણ શ્રેષ્ઠ છે પરંતુ લોકરંજન કરનાર કરોડો ગ્રન્થોનું અધ્યયન પણ નિષ્ફળ છે. જેમકે સંજીવની નામની જડીબૂટી એજ શ્રેષ્ઠ ઔષધિ છે. બાકી બીજી વનસ્પતિઓનો સમૂહ (રોગને નાબૂદ ન કરવાથી) નિષ્ફળ શ્રમમાત્ર છે. (૩૨)

ભાવાનુવાદ :

જ્ઞાની પુરૂષો કહેવાતાં એ અક્ષરજ્ઞાનને જ્ઞાન માનવા જ તૈયાર નથી કે જે જ્ઞાન અ-ક્ષરત્વ આપી ન શકે કે અક્ષયપદની પ્રાપ્તિ કરાવી ન શકે !

આચારાંગસૂત્રની ટીકામાં શ્રી શીલાંગ સૂરિજી કહે છે કે

''तज्ज्ञानमेव न भवति, यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोस्ति शक्तिः, दिनकर किरणाऽग्रतः स्थातुम् ॥''

કેટલું સચોટ આ ઉદાહરણ છે ? સૂર્યોદય થયા પછી અંધકાર ટકી શકે ખરો ? એવો પ્રશ્નગર્ભિત દાખલો આપીને સમજાવે છે. એજ રીતે તે જ્ઞાનને જ્ઞાન જ ન કહેવાય જેની હાજરીમાં રાગ-દ્વેષ ટકી શકે ? કે અજ્ઞાનનું અંધકાર રહી શકે ? વિદ્વાનો-સાક્ષરોની દુનિયામાં આ Open Challange છે જાહેરમાં ખુલ્લો પડકાર છે. જેમણે માત્ર લોકોનું મનોરંજન જ કરવું છે અને એના આંચળા હેઠળ મોજ-મજા જ કરવી છે. તેવા લોકોને અહિં ખુલ્લાં પાડયા છે. ભોળી જનતા આવા કહેવાતા લોકોથી ભરમાય નહી કે ઠગાય નહી એ માટે તેમને સાવચેત કર્યા છે.

''ज्ञानाग्निः सर्वकर्माणि भस्मसात् कुरुतेऽर्जुन ?''
''ऋते ज्ञानात् न मुक्तिः''
''सा विद्या तन्मतिर्यया''
''पढमं नाणं तओ दया'' (દશવૈકાલિક)

જેવાં અનેક અવતરણો પણ આજ વાતનું સમર્થન કરે છે. ગ્રંથકાર જાણે આ બધાંના દોહનરૂપે કહી રહ્યા હોય એવું સ્પષ્ટ જણાય છે. પરમપદની પ્રાપ્તિ કરાવનાર માત્ર એક જ શ્લોક પર્યાપ્ત છે. કરોડો ગ્રંથ ભણવાની જરૂર નથી. આ જ સંદર્ભમાં 'જ્ઞાનસાર' માં પણ કહ્યું છે કે -

निर्वाणपदमप्येकं, भाव्यते यन्मुहुर्मुहुः ।
तदेवज्ञानमुत्कृष्टं, निर्बन्धो नास्ति भूयसा ॥

આચારાંગસૂત્રમાં જણાવ્યું છે કે-

''एवं खु णाणिणो सारं जं न हिंसइ किंचण'' જ્ઞાની હોવાનો સાર એટલો જ કે કોઈ પણ જીવની હિંસા કરવી નહીં

મહાભારત કહે છે કે -

श्रूयतां धर्मसर्वस्वं, श्रुत्वा चैवावधार्यताम् ।
आत्मनः प्रतिकूलानि, परेषां न समाचरेत् ॥

સૌ પ્રથમ ધર્મશાસ્ત્રને સાંભળો, સાંભળીને પછી સમજો. સમજ્યાનો સાર એજ કે - બીજા જીવને દુ:ખ થાય કે તેની લાગણી દુ:ભાય તેવું વર્તન ન કરો.

સંત કબીરના શબ્દો છે :-

पोथी पढ़ कर जग मरा, पंडित भया न कोई ।
ढ़ाई अक्षर प्रेमका, पढ़े सो पंडित होय ॥

પુસ્તકો ભણીને કે ડીગ્રી લઈને પ્રોફેસર બની શકાતું નથી. જે 'પ્રેમ' ના અઢી અક્ષરને સમજે છે તે જ સાચો પંડિત છે. પ્રેમ-મૈત્રીભાવ જ્ઞાનનું પ્રયોગાત્મક રૂપ છે. જો તમો રૂગ્ણ-બિમાર છો અને તમો ઈચ્છો છો કે - તમારી વ્યાધિ - બિમારી જડમૂળથી ક્ષય થાય તો બીજી ઔષધિઓ - દવાઓ ન લેતાં ફકત સંજીવની નું જ સેવન કરજો. તેજ તમારી વ્યાધિ દૂર કરી શકશે. આ સંજીવની - જડીબૂટીના ઉદાહરણથી ગ્રંથકારે પોતાના કહેવાના આશય - અભિપ્રાય નું સુંદર રીતે નિરૂપણ કર્યું છે.

३३

तावत्सुखेच्छा विषयादिभोगे,
यावन्मनः स्वास्थ्यसुखं न वेत्ति ।
लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे,
त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ॥३३॥

One has desire to obtain happiness,
By pandering his senses only unless -
He is unaware of the eternal ecstasy -
Derived from mental tranquility.
But once he acquires even a bit
Of joy that flows from a stable spirit,
He neither has lust nor even the longing
To rule all the Three worlds for ever as a king.

(33) EXPLANATION :

This verse glorifies 'mental tranquility' as the highest achivement in this world.

The joy that is generated by spiritual stability is much superior to the pleasure of power over all the three worlds! Such inner happiness is lasting and liberating. Only a being who is unaware of this fact wishes to indulge in the attainment of worldly pleasures like sense-satiation, wealth and power.

શ્લોકાર્થ :

પ્રાણીને વિષયભોગજન્ય સુખની ઈચ્છા ત્યાં સુધી જ રહે છે જ્યાં સુધી ચિત્તની સ્વસ્થતાનાં સુખથી તે અનભિજ્ઞ છે. જ્યારે તે મનની સ્વસ્થતાના સુખના અંશનું પણ સંવેદન કરી લે છે ત્યારે તેને ત્રણ લોકનું સામ્રાજ્ય મળે તો પણ તેની ખેવના નથી. (૩૩)

ભાવાનુવાદ :

ગ્રંથકાર અહિં એકદમ તરલ અને સરળ ભાષામાં સ્વાનુભવનું અમૃતપાન કરાવે છે. પ્રશ્ન ફકત રસાસ્વાદનો છે. અનાદિકાળથી જીવને ઈન્દ્રિય જન્ય સુખનો જ અનુભવ હોવાથી તેનાથી તે પરિચિત છે. એટલે કામભોગના સંયોગજન્ય સુખને જ સુખ સમજે છે બિચારો તે સ્વભાવના સુખથી અજ્ઞાત છે. જેણે ષડ્રસ ભોજનનો સ્વાદ માણ્યો નથી તે તેનું વર્ણન કરવા સમર્થ નથી. જયારે તેને આથી વિશેષ ચઢીયાતો - Super આનંદ ની ઝાંખી થાય છે ત્યારે તેને વિષયજન્ય સુખ તુચ્છ ભાસે છે. ભલે ત્રણે જગતનું સામ્રાજ્ય મલી જાય તો પણ તેને તેની ખેવના રહેતી નથી.

३४

न देवराजस्य न चक्रवर्तिन-
स्तद्धै सुखं रागयुतस्य मन्ये ।
यद् वीतरागस्य मुनेः सदाऽऽत्म-
निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥३४॥

Neither the king of Gods does possess,
No universal monarch does have an access
To joy that is lasting, limitless and true,
Both have attachments, which agonise anew.
True joy, for ever, dwells in the mind
Of one whom no worldly, attachments can bind,
And of a saint who is devoted to
His 'soul', which is 'beautiful, blissful and true'.

(34) EXPLANATION :

All celestial and earthly pleasures are absolutely insignificant as compared to the happiness of a holy being engrossed in his own 'Self'. Neither Lord Indra, the King of Gods, nor any of the great universal monarchs is ever able to obtain even a drop of the eternal ecstasy that overflows from the heart of an unattached ascetic. By virtue of an ascetic's non-attachment, Ultimates Bliss comes to rest in his heart.

The joys of Kinghood as well as Godhood are, on the other hand very transient since the attachment to their sources generates a subconscious fear of their loss.

શ્લોકાર્થ :

આત્મજ્ઞાની, વીતરાગી એવા મુનિના મનમાં જેવું સુખ સ્થિરતા કરે છે તેવું તો રાગી એવા ઈન્દ્રને કે ચક્રવર્તી ને પણ ઉપલબ્ધ નથી એવું હું માનું છું. (૩૪)

ભાવાનુવાદ :

સંસારનું દેખાતું બાહયસુખ અને મુનિના આભ્યંતર સુખ વચ્ચે શું તફાવત છે ? એ અત્રે સ્પષ્ટ કર્યું છે. આ સમજવા માટે 'જ્ઞાનસાર' ના ઉદ્ધરણો અત્રે પ્રસ્તુત છે.

भूशय्या, भैक्षमशनं, जीर्णं वासो गृहं वनं ।
तथापि निःस्पृहस्याहो, चक्रिणोऽप्यधिकं सुखं ॥

નિસ્પૃહ મુનિને પૃથિવીરૂપ શય્યા છે. ભિક્ષાથી ભોજન કરવાનું છે. જીર્ણ વસ્ત્ર, તેમજ અરણ્યરૂપ ઘર છે. તો પણ તે ચક્રવર્તીથી પણ અધિક સુખી છે. "निर्भयः शक्रवद् योगी, नन्दत्यानन्दनन्दने ॥" અજાતશત્રુ, નિર્ભય યોગી આનંદરૂપ નંદનવનમાં વિહાર કરી સુખ ભોગવે છે. આજ

વાતને વિસ્તૃત રીતે સમજાવે છે.

તેજોલેશ્યાવિવૃદ્ધિ ર્યા, સાધોઃ પર્યાયવૃદ્ધિતઃ ।
ભાષિતા ભગવત્યાદૌ, સેત્થંભૂતસ્ય યુજ્યતે ॥

ભગવતીસૂત્રના ૧૪ મા શતકમાં દેવોની તેજોલેશ્યા એટલે કે દૈવી સુખની અનુભૂતિની શ્રમણના આંતરિક આનંદ-સુખની તુલના-સરખામણી કરતાં કહયું છે કે :-

માત્ર એક માસના દીક્ષિત શ્રમણનું સુખ વાણવ્યંતર દેવોના સુખ કરતાં પણ વધુ છે. આમ ક્રમશઃ બે માસનો દીક્ષિત સાધુ ભવનપતિ દેવોના સુખને આંબી જાય છે. ત્રણ મહિનાનો દીક્ષિત અસુરકુમાર દેવોના સુખને વટાવી જાય છે. આ રીતે ચાર મહિનાનો દીક્ષિત સાધુ જ્યોતિષચક્રના દેવોના સુખને ઉલ્લંઘી જાય છે.

પાંચ માસનો દીક્ષિત સાધુ સૂર્ય-ચંદ્રના, સાત માસનો દીક્ષિત સાધુ સૌધર્મ-ઈશાનના, આઠ માસનો દીક્ષિત સાધુ બ્રહ્મ અને લાંતકના, નવ માસનો દીક્ષિત સાધુ મહાશુક્ર અને સહસ્રાર આનત, પ્રાણત, આરણ અને અચ્યુત ના, અગિયાર માસનો દીક્ષિત સાધુ ગ્રૈવેયકના, અને બાર માસનો દીક્ષિત સાધુ, અનુત્તરવાસી દેવોના સુખને આંબી જાય છે.

વાચકવર્ય ઉમાસ્વાતિ ભગવાન ''પ્રશમરતિગ્રંથ'' માં જણાવે છે કે :-

યા સર્વસુરવરર્ધ્દિઃ વિસ્મયનાયાપિ સાનગારર્ધ્દેઃ ।
નાઽર્ધતિ સહસ્રભાગં, કોટિશતસહસ્રગુણિતામપિ (શ્લોક ૨૬૭)

અર્થાત્-સમસ્ત દેવોમાં શ્રેષ્ઠ ઈન્દ્રની જે ઋધ્ધિ ઐશ્વર્ય છે તે અવશ્ય આશ્ચર્યકારી છે પરંતુ એથી પણ લાખ કોટી ગુણાકારે ઋધ્ધિ થાય તે પણ મુનિને પ્રાપ્ત ઋધ્ધિથી હજારમાં ભાગે પણ તેની તુલનામાં આવી શકે નહિ.

આંતર સુખનું આ ગણિત બતાવે છે કે - જેમ સુખની માત્રા ઊંચી તેમ એ સૂક્ષ્મ થતું જોવાય છે. એટલે બાહય સાધન - સામગ્રીનું મૂલ્ય ઘટતું જાય છે. આત્મનિષ્ઠ મુનિનું સુખ ચક્રવર્તી અને ઈન્દ્રના સુખથી પણ ઊચ્ચ છે એવું ફલિત થાય છે.

३५

यथा यथा कार्यशताकुलं वै,
कुत्रापि नो विश्रमतीह चित्तम् ।
तथा तथा तत्त्वमिदं दुरापं,
हृदि स्थितं सारविचारहीनैः ॥३५॥

Distracted and drawn in hundred directions,
Restlessly involved in hundreds of actions,
Driven by passions and devoid of peace
A man with a mind which is never at ease
Loses the wisdom he may have once had
To discern the good from that which is bad.
To a thoughtless being, ever unstable-
The 'Truth' in his heart turns unttainable.

(35) EXPLANATION :

This verse cautions a self-seeker against intense involvement with worldly activity and the resultant spiritual thoughtlessness.

Various worldly affairs pull a man in many different directions. Constant distraction leads to restlessness and he loses control over his passions. Once self-control is lost, both wisdom and peace of mind leave him. He forgets the true nature of his own 'self' and is exposed to eternal wandering in mundane existence.

શ્લોકાર્થ :

સેંકડો કાર્યોના ભારથી વ્યાકુળ બનેલું ચિત્ત જ્યારે થાકી (શ્રમિત) જઈને છેવટે ક્યાંય પણ વિશ્રાંતિ પામતું નથી ત્યારે યોગીજનને સાક્ષાત્ એવું આ તત્વજ્ઞાન વિવેક, વિચાર રહિત જીવો માટે તો પ્રાપ્ત કરવું અતિ દુર્લભ છે. (૩૫)

ભાવાનુવાદ :

"કસ્તૂરી કુંડલ વસે" કસ્તૂરી મૃગની નાભિમાં કસ્તૂરી હોવા છતાં તે તેથી અજ્ઞાત છે. અને સુગંધની પ્રાપ્તિ માટે આખું જંગલ ભટકે છે છતાં તેની પ્રાપ્તિ થતી નથી. કારણ કસ્તૂરી બહાર નથી પરંતુ પોતાની પાસે જ છે.

ગ્રંથકારે અહિં "हृदि स्थितं" શબ્દ પ્રયોગ કરીને સમજાવ્યું છે કે. આત્મસ્વરૂપથી અજાણ પણ એ જ રીતે સંસારના પદાર્થોમાં સુખની

કલ્પના કરે છે. શોધે છે. છતાં તે ત્યાં ઉપલબ્ધ થતું નથી. એટલે મન ફરી અશાંતિ અનુભવે છે. આ અશાંતિનું વિષચક્ર અવિરત ફરતું જ રહે છે.

"संतोषामृततृप्तानां, यत् सुखं शांतचेतसां ।
कुतस्तद् धनलुब्धानां, इतश्चेतश्च धावताम् ॥"

જેઓ ધનાર્જન માટે આમતેમ દેશ-પરદેશમાં ભટકે છે. તેમની દશા ખરેખર દયાજનક છે.

કવિ સૂરદાસ કહે છે :-

मेरो मन जानत नांही कहाँ सुख पावे ।
जैसे उड़ि जहाजके पंछी फिर जहाज पर आवे ॥

અર્થ સ્પષ્ટ છે.

સંસારીજીવને ઘર, વ્યાપાર, પરિવાર વગેરેના સેંકડો કાર્યો કરવાના હોય છે તેમાંથી તેને ફુરસદ મળતી નથી અને જીવન પુરૂં થતાં પણ જંજાળ સમાપ્ત થતી નથી. માટે જ હે જીવ ? તું સારાસાર નો વિવેક કરીને સ્થિર અને સ્થિતપ્રજ્ઞ બન.

३६

शमसुखरसलेशाद् द्वेष्यतां संप्रयाता,

विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।

परमसुखमिदं यद् भुज्यतेऽन्तःसमाधौ,

मनसि सति तदा ते शिष्यते किं वदान्यत् ? ॥३६॥

On tasting the pleasures of pacification,
Of sensual cravings and intense passion,
Even in its most microscopic part,
Utter distaste for them fills the heart.
When you experience the Ultimate Bliss.
Of 'self absorption' and eternal peace
O being! Do tell me, what does remain
That you may desire to try and obtain ?

(36) EXPLANATION :

This concluding verse clearly proclaims the superiority of inner joy and peace over all worldly pleasures and possessions.

True and ever-lasting ecstacy can be experienced only when one is completely absorbed in the 'self'. The greatest pitfalls on the path of 'self-absorption' are : (1) sensual cravings and (2) intense passions. Once an aspirer learns to pacify them, he begins to experience endless bliss and peace.

Thus, attainment of the 'self-absorbed' state is the ultimate aim of life. Once this goal is reached, everything else becomes quite insignificant.

શ્લોકાર્થ :

પ્રશાંતરસના સુખનો આંશિક પણ આસ્વાદ લીધા પછી જુદા જુદા વિષયભોગોની પહેલાં જે તીવ્ર લાલસા હતી તે હવે નષ્ટ થઇ ચૂકી છે. (તેના તરફ અરૂચિ ઉત્પન્ન થઈ છે.) આ શાંતરસનું સુખ અંતઃકરણની સમાધિ પ્રાપ્ત થતાં ચિત્તમાં પ્રતિબિંબિત થાય છે ત્યારે બીજું શું (મેળવવાનું) બાકી રહે છે ? (હે આત્મન્ તે તું કહે.) (૩૬)

ભાવાનુવાદ :

આ ગ્રંથનો ઉપસંહાર અને તેનું સમાપન શાંતરસના સાક્ષાતકારમાં કરવામાં આવ્યું છે. આ પ્રશાંતરસ કિંવા પ્રશમ સુખ યોગીપુરૂષોને પ્રત્યક્ષ છે પરપદાર્થથી તદ્દન પરાંગ્મુખ થયેલાં સાધુપુરૂષો અહિં જગતમાં બેઠાં બેઠાં જ મોક્ષસુખનો રસાસ્વાદ માણે છે 'જ્ઞાનસાર' કહે છે :-

"विनिवृत्तपराशानां, मोक्षोऽत्रैव महात्मनाम् ॥"

વાચકવર્ય શ્રી ઉમાસ્વાતિજી ભગવાન પ્રશમરતિગ્રંથમાં કહે છે :-

स्वर्गसुखानि परोक्षाण्यात्यन्त परोक्षमेव मोक्षसुखं,

प्रत्यक्षं प्रशमसुखं, न परवशं, न व्ययप्राप्तम् ॥ (श्लोक २३७)

અર્થાત્ - સ્વર્ગ - દેવલોકનું સુખ તો પરોક્ષ છે. અને મોક્ષ - અપવર્ગનું સુખ તો એથી પણ અત્યંત પરોક્ષ છે. જ્યારે પ્રશમસુખ તો તદ્દન પ્રત્યક્ષ (હસ્તામલકવત્) છે. વળી તે સ્વાધીન અને અવિનાશી છે.

આ ઉપરાંત પણ કહ્યું છે :-

प्रशमाव्याबाधसुखाभिकांक्षिणः सुस्थितस्य सध्धर्मे,

तस्य किमौपम्यं स्यात्, सदेवमनुजेऽपि लोकेऽस्मिन् ॥

(श्लोक - २३६)

અર્થાત્ - અવ્યાબાધ એવા પ્રશમ સુખના જે ઈચ્છુક સાધક છે અને સધ્ધર્મમાં સુદઢ છે. આ જગતમાં દેવ કે મનુષ્ય કોઈ પણ તેની સરખામણી કરી શકે નહિં, કારણ ઉપમા આપવા માટે કોઈ પણ વસ્તુ વિદ્યમાન નથી.

આ ઉપશમરસનો અંશમાત્ર પણ જો જીવનમાં સંચાર થાય તો અનેક ગતજન્મોની વિષયાસક્તિનો કાયમી અંત આવી શકે છે.

આ શાંતરસ સ્થાયી ભાવ છે. જેમાં કદાપિ વિકૃતિ આવતી નથી. આવું પ્રશમસુખ એકવાર પણ જો અંતઃકરણના સમાધિ-દર્પણમાં પ્રતિબિંબિત થઈ જાય તો પછી બાકી શું કહે છે ? તે તું તારી જાતને જ પૂછી જો. તુંજ સ્વયં તેનો સાક્ષી છો. ભોજનની વિવિધ વાનગીઓ આરોગ્યા પછી તેના સ્વાદ કે તૃપ્તિ માટે જેમ બીજાને પૂછવાની જરૂર રહેતી નથી કે કોઈના પણ પ્રમાણપત્રની આવશ્યકતા જણાતી નથી તે જેમ સ્વસંવેદ્ય છે આ જ વાત સ્વાનુભવના સંવેદન માટે લાગુ પડે છે. આ સનાતન સત્ય સદાકાળ ''યાવત્ ચન્દ્ર - દિવાકરૌ'' સાધકને પ્રેરણા પાતું રહેશે. આ પ્રશમરસનું યોગસૂત્રોમાં 'પ્રશાંત વાહિતા' તરીકે શ્રેષ્ઠ દરજ્જો આપીને તેનું વર્ણન કરવામાં આવ્યું છે. આ સામાયિક યોગ જગતનું યોગ-ક્ષેમ કરો.

GLOSSARY

(1)

seek, serve -	भज
Self-experience	अनुभव
wisdom	विवेक
non-living	विचेतन
sound	शब्द
senses, objects	विषय
Earlier births	भवांतर
deeds	चेष्टितानि
Right knowledge	सम्यक् ज्ञान
Right Information	श्रुत
Right Reflection	चिंता
Right Experience	अनुभव
Indirect	परोक्ष
Direct	प्रत्यक्ष
Extra - sensory	अतीन्द्रिय

(2)

Right knowledge	सम्यक् ज्ञान
Right action	धर्म, सम्यक, क्रिया
capable	क्षम
rare	विरल
theorists	शुष्क-ज्ञानी
Liberation	मोक्ष
ritualists	क्रिया जड
self-realisation	आत्मसिध्धी
Right conduct	सम्यक् चारित्र

(3)

attachments	राग
True Guru	सम्यग्गुरु
knower	वेत्ता
iron-reslove	दृढनिश्चय
true essence	सत्
realisation	सिद्धि
mundane existence	संसार
True detachment	सम्यक् विरक्ति
Other substances	पर द्रव्य
Self-substance	आत्मद्रव्य
Real - Truth	तत्व
true-experience	सदानुभूति

(4)

set free	मोचयन्ति
physical frame	तनुयन्त्र
absolute	परमार्थ, निश्चय
true detachment	सम्यक् विरक्ति

(5)

physical body	शरीर
wordly beings	भवि
seekers of spiritual union	योगि
nourishment	पुष्टि
Right knowledge	सम्यक् ज्ञान
objects of senses	इंद्रिय-विषय
delusion	मोह
state	पर्याय, परिणती
body-minded	देहाध्यासी
Supreme Consciousness	परम चैतन्य, परमात्मा
sensual craving	विषय-वांछा

(6)

affection	राग
preaching	सम्यक् वकतव्य
perception	सम्यक् दर्शन
infatuation	मोह
discerning wisdom	विवेक
ingnorance	अज्ञान
nature	स्वभाव, स्वरुप
Truth	सत्
falsehood	असत्

(7)

thirst for wealth	धन-तृष्णा
misery	दुःख
cause	हेतु
shun	त्याग, तज
momentary	क्षणिक
incidental	परतंत्र

(8)

mundane existance	संसार
affliction	रोग

Right reflection	सम्यक् विचार
true scriptures	सच्छास्त्र
(9)	
Conviction	प्रतीति
transient	अनित्य
Guru's gracious blessings	गुरुप्रसाद
firm faith	निष्ठा
equanimity	समभाव, समदृष्टि
Truth	तत्व
(10)	
Self-delusion, infatuation	मोह
ignorance	अज्ञान
torture	कदर्थना
worldly agony	संसारदुःख
discerning vision	विवेक
spiritual essence	आत्मरुप
(11)	
wealth	अर्थ, धन
life goal	पुरुषार्थ
objects of sense-satiation	विषय
soul-substance	आत्म द्रव्य
(12)	
potential self-attainer	भव्य
fault-finding	परदोषदर्शन
frustration	खेद
anxiety	चिंता
self-realisation	आत्मसिद्धि
self-obligation	स्वकार्य
(13)	
bond	बंध
endless	अनंत
Right-Conduct	सम्यक् चारित्र
Right-Knowledge	सम्यक् ज्ञान
(14)	
ascetic	यती

Sensual desires	विषयासक्ति
Self-meditation	आत्म ध्यान
penance	तप
knowledge	ज्ञान
Real-Essence	तत्व, सत्य
lust	वासना

(15)

Delusion	मोह
Knowledge	ज्ञान
'inner light'	विवेक
knowledge of Essential Reality	तत्वावबोध
Self-destruction	आत्मविनाश

(16)

Stable	स्थिर
activity	प्रवृत्ति
genuine bliss	सत्सुख

(17)

cycles of mundance existance	भवभ्रमण
mortal	मर्त्य
unreal, artificial	कृत्रिम
sensual pleasures	वैषयिक सुख
sublime	उत्तम
lowly	अधम
mediocre	मध्यम
renunciation	त्याग

(18)

hunger	क्षुधा
thirst	तृषा
cure	औषध, भेषज
supreme sages	यतीश्वर
transient	क्षणिक
contingent	अस्वतंत्र
endeavour - dependent / *endeavour - oriented*	प्रयासकृत्

(19)

hermit	साधु, यती
mockery	विडंबना
True Guru	सद्गुरु
hope for riches	धनाशा
craving for food	रसलोलुपता

liberation	मोक्ष
forbidden food	अभक्ष्य
monkhood	मुनिलिंग
seeker	मुमुक्षु

(20)

hypocrisy-in-person	दांभिक
cheat	धूर्त
holy garb	मुनिवेष
world-entertainer	जनरंजक
detachment	वैराग्य

(21)

enchanted	मुग्ध
pathway	मार्ग
deluded	मोहित
distraction	विकल्प
spiritual focus	आत्मलक्ष

(22)

True holy beings	सत्पुरुष
attachment	राग
Truth	सत्, तत्व
devotion	निष्ठा
desire-free	निस्पृह
pride	अभिमान
self-contentment	आत्मसंतोष
joy of the self	स्वमन रंजन
detached	विरक्त
spiritual virtues	आत्मिक गुण

(23)

debate	विवाद
spiritual bliss	आत्म-सुख
wish-fulfilling jewel	चिंतामणि
nectar	अमृत

(24)

six philosophical systems	षड्दर्शन
religious, righteous	धार्मिक
self-search	आत्मखोज

(25)

penance	तप
art	कला
peace of mind	स्वस्थता
calm	शीतलता
intention	आशय
virtues	गुण
self-pleasure	मनरंजन
true joy	सत्सुख

(26)

seekers of the ultimate union	योगी
serene	स्वस्थ
aloof	उदास
virtues	गुण

(27)

Hell	नर्क
Heaven	स्वर्ग
sins	पाप
sacred deeds	पुण्य
realm of freedom	मोक्ष, सिद्धक्षेत्र
worldly existence	संसार
association, togatherness	संग
inner bliss	सदानंद-सुख

(28)

three worlds	त्रिलोक
'self'	आत्मा
liberation	मोक्ष
mental discipline	मनोनिग्रह
mind	मन
victory	जय

(29)

meditation	आत्मयोग, ध्यान
immersion and merger of mind	मनोलय
knowledge	ज्ञान
reflection	विचार
Truth and its nature	तत्वार्थ
self-absorption	समाधि

sap, sublime essence	सार
material existence	संसार
spiritual aspiration	आत्मसाधना
self-attention	आत्मलक्ष
objects to be known	ज्ञेय
objects to be owned	उपादेय
objects to be disowned	हेय

(30)

eight spiritual powers	अष्टसिद्धि
contemplation	ध्यान
incantation	मंत्र
self-absorption	समाधि
meditative exertion	योग
poison	विष
mind	चित्त
wonder-medicines	रसायन
magic ointments	अंजन
alchemy	धातुवाद
super-human	दैवी
potential	शक्ति
contraction	आणिमा
weight-loss	लघिमा
wish-fulfilment	प्राप्ति
nine treausures	नवनीधी

(31)

anxiety	चिंता
wrong notion	संकल्प
sensual craving	विषय
Ultimate Bliss	परमसुख
Self-absorption	समाधि
ignorant	अज्ञ
agitated	आकुल
unhappy	दुःखी
equipoise	समदृष्टि

(32)

verse	श्लोक
so-called scriptures	ग्रंथ
life-energy	जीवत्व
fatigue	श्रम

academic knowledge	व्यवहार ज्ञान
hearing	श्रवण
learning	मनन
mental churning	चिंतन
meditation	ध्यान
actualisation	अनुभवन

(33)

sense-pandering	विषयभोग
mental tranquility	मनःस्वास्थ्य
lust, longing	वांछा
three worlds	त्रिलोक
lasting	शाश्वत
liberating	मुक्तिप्रद

(34)

king of Gods	इन्द्र
universal monarch	चक्रवर्ती
lasting	शाश्वत
limitless	अनंत
true	सम्यक्
attachment	राग
true	सत्यम्
blissful	शिवम्
beautiful	सुन्दरम्

(35)

restlessness	आकुलता
discerning wisdom	विवेक
passions	कषाय
mind	चित्त, मन
Truth	तत्व
'self-seeker'	आत्मार्थी
self-control	आत्मनियंत्रण

(36)

pacification	उपशम
sensual craving	विषयवांछा
intense passion	तीव्र कषाय
self-absorption	समाधि
Ultimate Bliss	परमसुख
eternal	अनंत शांति

PUBLICATION OF

JAIN YOGA FOUDATION









Designed By:- Nikki's

Printed At :- ARVIND PRINTERS, 108 Ciem Industrial Estate, Ramchandran lane Ext., Kachpada
Malad (W), Mumbai-400 064. Tel: 889 37 18 Fax: 880 8345 Mobile:- 9820063872